નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :19 APRIL 2024 | FRIDAY | Page : 20 | Year : 2 | Issue : 17 | Price: 2/-




રાજકોટમાં પત્રકારો બિલ્ડરો પાસે ખંડણી માંગે છે?? પો.કમીશનને સળગતી રજુઆત

જુઓ પેજ નં.૧૩

# લોકશાહીના મહાપર્વનો આજથી પ્રારંભ, પ્રથમ તબક્કે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન શરૂ

## અરૂણાચલ પ્રદેશ અને સિક્કિમમાં લોકસભા સાથે વિધાનસભા ચૂંટણી પહેલા તબક્કામાં કુલ ૧૬.૬૩ કરોડ મતદાર, ૩૫.૬૭ લાખ મતદારો પહેલી વખત મતદાન કરશે

સામના મિરર, સંવાદદાતા

વિશ્વના સૌથી મોટા લોકતંત્રમાં આજથી લોકસભા ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે. સાત તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણીના પહેલા તબક્કામાં શુક્રવારે ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૦૨ બેઠકો પર મતદાન થશે. પહેલા તબક્કાના મતદાનમાં ૧૬૨૫ ઉમેદવારો મેદાનમાં છે. તેમજ કેન્દ્રના ૮ મંત્રીઓના નસીબ ઈવીએમમાં લોક થશે. લોકસભા ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન સાથે અરૂણાચલ પ્રદેશ (૬૦ બેઠકો) અને સિક્કિમ (૩૨ બેઠકો)માં વિધાનસભાની ચૂંટણી પણ યોજાશે.

ચૂંટણી પંચ મુજબ પહેલા તબક્કાના મતદાનમાં કુલ ૧૬૨૫ ઉમેદવારો મેદાનમાં છે, જેમાં ૧૪૯૧ પુરુષ અને ૧૩૪ મહિલા ઉમેદવારો છે. પહેલા તબક્કાના મતદાનમાં માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી, પૃથ્વી વિજ્ઞાાન મંત્રી કિરણ રિજિજૂ સહિત ૮ કેન્દ્રીય મંત્રી, બે પૂર્વ મુખ્યમંત્રી ત્રિપુરામાં વિપ્લવ દેવ અને અરૂણાચલમાં નબામ તુકી અને તેલંગણાના રાજ્યપાલપદેથી રાજીનામું આપનારા તમિલિસાઈ સૌન્દરરાજન પણ ચૂંટણી મેદાનમાં તેમનું નસીબ અજમાવી રહ્યા છે.

વધુમાં પહેલા તબક્કાના મતદાનમાં તમિલનાડુ જ એક એવું મોટું રાજ્ય છે જેની બધી જ ૩૯ બેઠકો પર મતદાન થવાનું છે. આ સિવાય રાજસ્થાનની ૧૨, ઉત્તર પ્રદેશની ૮, મધ્ય પ્રદેશની ૬, મહારાષ્ટ્ર, અસમ અને ઉત્તરાખંડની ૫-૫, બિહારની ૪, પશ્ચિમ બંગાળની ૩, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને મણિપુરની ૨-૨ તેમજ પુડુચેરી, મિઝોરમ, છત્તીસગઢ, જમ્મુ-કાશ્મીર, લક્ષદ્વિપ, સિક્કિમ, ત્રિપુરા, નાગાલેન્ડ અને અંદમાન-નિકોબારની ૧-૧ બેઠક પર મતદાન થશે. દેશમાં ૫૪૩ લોકસભા મતવિસ્તારોમાં કુલ મતદારોની સંખ્યા ૯૭ કરોડ છે ત્યારે શુક્રવારે ૧૬.૬૩ કરોડથી વધુ મતદારો મતદાન કરશે, જેમાં ૨૦થી ૨૯ વર્ષની વય જૂથના ૩.૫૧ કરોડ યુવા મતદારોનો સમાવેશ થાય છે. આ સાથે ૩૫.૬૭ લાખ મતદારો પહેલી વખત મતદાન કરશે. પહેલા તબક્કામાં મતદાન કરનારા મતદારોમાં ૮.૪ કરોડ પુરુષો, ૮.૨૩ કરોડ મહિલાઓ તથા ૧૧,૩૭૧ થર્ડ જેન્ડર મતદાન કરશે. ચૂંટણી પંચે ૨૧ રાજ્યોના ૧૦૨ મતવિસ્તારોમાં ૧.૮૭ લાખ મતદાન મથકો પર ૧૮ લાખથી વધુ મતદાન અધિકારીઓ નિયુક્ત કર્યા છે. મતદાનના દિવસે સીઆરપીએફ અને બોર્ડર સિક્યોરિટી ફોર્સ સહિત સીએપીએફની ૩૫૦ કંપનીઓ તથા વિવિધ રાજ્યોની પોલીસની ૩૦૦ જેટલી કંપનીઓ સાથે કુલ ૬૦,૦૦૦ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.

અરૂણાચલ પ્રદેશમાં ભારે વરસાદની હવામાન વિભાગની ચેતવણી વચ્ચે લોકસભાની બે બેઠકો સાથે વિધાનસભાની ૬૦ બેઠકો પર પણ મતદાન થવાનું છે. જોકે, તેમાંથી ૧૦ બેઠકો પર ભાજપે બિનહરીફ વિજય મેળવી લીધો છે. બીજીબાજુ પાકિસ્તાન સાથે ચાલી રહેલા યુદ્ધવિરામ વચ્ચે જમ્મુ-કાશ્મીરની એક જ ઉધમપુર બેઠક પર મતદાન થવાનું છે, જ્યાં ૨,૬૩૭ મતદાન મથકો પર શાંતિપૂર્ણ મતદાનની અપેક્ષા રાખવામાં આવે છે. ઉધમપુરમાં આતંકીઓ ચૂંટણી પ્રક્રિયામાં કોઈ અવરોધ ઊભો ના કરે તે માટે સુરક્ષા દળોએ પર્યાપ્ત તકેદારી રાખી છે.

# પશ્ચિમ બંગાળમાં રામ નવમીની શોભાયાત્રામાં પથ્થરમારો, હિંસક અથડામણમાં સંખ્યાબંધ લોકો ઘાયલ

## ■ શોભાયાત્રા પર ધાબા પરથી પથ્થરમારો કરવામાં આવ્યોઃ પથ્થરબાજી બાદ ભીડ ઉગ્ર બની હતી



કોલકતા,તા. ૧૮ઃ પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર રામ નવમી દરમિયાન હિંસાની ઘટના સામે આવી છે. બુધવારે (૧૭ એપ્રિલ) બંગાળના મુર્શિદાબાદમાં રામ નવમીની શોભાયાત્રા દરમિયાન અથડામણ થઈ હતી, જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. મુર્શિદાબાદના શકિતપુર વિસ્તારમાં એક સરઘસ પર કથિત રીતે પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેમાં ૨૦ લોકો ઘાયલ થયા હતા. બુધવારે સાંજે શકિતપુરમાં એક શોભાયાત્રા દરમિયાન વિસ્ફોટ થયો હતો, જેમાં એક મહિલા ઘાયલ થઈ હતી. આ ઘટનાને લઈને ભાજપે મુખ્યમંત્રી મમતા બેનજીર્ની સરકારને ઘેરી છે. પથ્થરબાજી અંગે પક્ષે કહ્યું છે કે આ વર્ષે પણ પોલીસ રામ ભકતોની સુરક્ષા કરવામાં નિષ્ફળ રહી છે. ભાજપે કહ્યું કે ગયા વર્ષે પણ પોલીસ સુરક્ષા પૂરી પાડવામાં નિષ્ફળતાને કારણે દલખોલા, રિશ્રા અને સેરામપુરમાં શોભાયાત્રા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ વર્ષે પણ સરકારી તંત્રની સંપૂર્ણ પરવાનગી બાદ નિકળેલી રામ નવમીની શાંતિપૂર્ણ શોભાયાત્રા પર શકિતપુરમાં અસામાજીક તત્વો દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. મુર્શિદાબાદમાં પથ્થરમારાની ઘટના જિલ્લાના શકિતપુર વિસ્તારમાં ત્યારે સામે આવી, જયારે બુધવારે સાંજે અહીંથી શોભાયાત્રા પસાર થઈ રહી હતી. ઘટનાના કેટલાક વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં લોકો ધાબા પરથી પથ્થરમારો કરતા જોઈ શકાય છે.પોલીસે વધુમાં જણાવ્યું હતું કે પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવામાં આવી છે અને સ્થળ પર શાંતિ જાળવવા વધારાના દળો મોકલવામાં આવ્યા છે. ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે શોભાયાત્રા પર પથ્થરમારો અને દુકાનોમાં તોડફોડ કરવામાં આવી. સરકાર અને પોલીસ તંત્ર સંપૂર્ણ નિષ્ફળ ગયું છે. તેમણે કહ્યું,'શાંતિપૂર્ણ રામ નવમીના શોભાયાત્રા માટે વહીવટીતંત્ર પાસેથી પરવાનગી લેવામાં આવી હતી, પરંતુ મુર્શિદાબાદના શકિતપુર અને બેલડાંગા-૨ બ્લોકમાં અસામાજીક તત્વોએ હુમલો કર્યો.'



તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ખતરનાક વળાંકે પર્યાવરણ



માણસને જગાડવા અને પર્યાવરણ અંગે પ્રવૃત્ત કરવા યુએન ઉપરાંતની પણ અનેક સંસ્થાઓ મહેનત કરે છે પણ એનો પ્રભાવ લોકજીવન સુધી પહોંચતો નથી. મનુષ્ય જાણવા છતાં ઝેરી વ્યસન આચરે છે અને રાજનેતાઓ પ્રજાના ખિસ્સા પર જ હાથ રાખે છે. આવા સંયોગો વચ્ચે જંગલની એક લીલી પાંદડીની વીતકકથા કોણ સાંભળે ? જેણે જિંદગીમાં એક પણ ઝાડ વાવ્યું નથી એવા કરોડો લોકોના જમેલા વચ્ચે પર્યાવરણની વાત કોઈ સાંભળે એ કલ્પના એટલી જ હાસ્યાસ્પદ છે જેટલી ભાજપ પોતાની ભૂલો જોતાં શીખે એ વાત એક મજાક છે. પર્યાવરણવિદો જોઈ રહ્યા છે કે અરધો મનુષ્ય તો લૂંટાઈ ગયેલો છે. માણસ જીવે છે પણ એનું આરોગ્ય હણાઈ ગયેલું છે. એટલે કે પચાસ વરસની વય સુધીમાં તો ભારતીય નાગરિકના શરીર પર ડોક્ટરોની ફોજ ચકરાવા લેવા લાગે છે.

પર્યાવરણમાં ભારતની પ્રતિષ્ઠા છે. આંતરરાષ્ટ્રીય ચિત્ર જ એટલું ઢળતા ઢાળે છે કે એમાં ભારત ઉજ્જડોની વચ્ચે એરંડાસન પર બેસી શકે એમ છે. બાકી દેશમાં આપણે ખુદ જાણીએ છીએ કે પર્યાવરણ અને ભારત વચ્ચે કેટલી ગહન ખીણ છે. ભારત વાતાવરણમાં સૌથી ઓછું કાર્બનનું ઉત્સર્જન કરે છે એ હકીકત પરથી ભારતે જરાય સંતોષ લેવાની જરૂર નથી. જો કલાઈમેટ ચેઈન્જને આ ચાલુ સદીનો સૌથી મોટો પ્રશ્ન માનવામાં આવતો હોય તો એક વાત નક્કી છે કે આપણે એ માણસજાત છીએ જે મોતના કૂવામાં પણ સરકસના ખેલ કરે છે. આપણે સદાય એમ માનતા આવ્યા છીએ કે કુદરત હજુ આપ્યા જ કરશે.

સુખની વેળાએ જ સંસાર મૂકીને ચાલ્યા જનારાની સંખ્યા બહુ છે. સમાજનો એ એક અપ્રગટ વિષાદયોગ છે. યુએન કોન્ફરન્સ આ પ્રશ્નનું સાચું નિરાકરણ લાવવામાં વધુ એકવાર નિષ્ફળ નીવડી છે. આ વર્ષનું પરિણામ તો બહુ જ નિરાશાજનક છે. યુએન કોન્ફરન્સમાં દુનિયાભરના બે હજાર જેટલા ડેલીગેટ્સે ભાગ લીધો હતો. વિકસિત અને અલ્પવિકસિત દેશોમાંથી આવેલા એ પ્રતિનિધિઓના હાથમાં વૈજ્ઞાનિક રિપોર્ટ હતો. ઈન્ટરગવર્મેન્ટલ પેનલ અને યુએન પર્યાવરણ પ્રોગ્રામે. કરેલા સંશોધનનું તારણ એમાં હતું જેમાં કયો દેશ કેટલું કાર્બન ઉત્સર્જન કરે છે એ માહિતી આપવામાં આવી હતી.

જુદા જુદા દેશ કેટલો ગ્રીનહાઉસ વાયુ વાતાવરણમાં ભેળવે છે એ બતાવવામાં આવ્યું હતું. એ રિપોર્ટમાં આખા દસકના આંકડાઓ મૂકવામાં આવ્યા હતા. વર્ષો પહેલા ગ્રીનહાઉસના ઉત્સર્જન વિશે બધા દેશોએ સમજૂતી કરાર કરેલો જે ક્યોટો પ્રોટોકોલના નામે ઓળખાય છે. એના પછી થોડા સમય પહેલા જ પેરીસમાં સમજૂતી કરારો થયેલા. પેરીસ કરાર બહુ વિખ્યાત છે જેમાં સહી કર્યા પછી અમેરિકાને પેટમાં શૂળ ઉપડ્યું હતું. આ બંને કરારો અન્વયે ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનની ગણતરીમાં જે પારદર્શિતા જળવાવી જોઈએ એ જળવાઈ નથી. અમુક દેશો આ અપારદર્શકતાનો ગેરફાયદો ઉઠાવી રહ્યા છે.

ઘણાં દેશોમાં અચાનક બદલી જતી આબોહવાને કારણે પણ અમુક દેશોને અંગત નુકસાન થઈ રહ્યું છે જેમાં ભારતનો સમાવેશ પણ છે. ૨૨૫ બિલિયન ડોલરનું કુલ નુકસાન થયું છે. આ બધા આંકડાઓ ખૂબ ચિંતાજનક છે. યુએન કોન્ફરન્સમાં રજુ થયેલો આ રિપોર્ટ સૂચવે છે કે પૃથ્વીના સરેરાશ તાપમાનમાં દોઢ ડિગ્રીનો વધારો થયો છે. પર્યાવરણવાદીઓએ વધુ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. યુએન કોન્ફરન્સના નક્કી થયા મુજબ જો ઈ. સ. ૨૦૨૫ થી વિકાસશીલ દેશો પાસેથી ૧૦૦ બિલિયન ડોલરનો વકરો વસુલ કરવામાં આવશે તો દુનિયાના રાજનેતાઓ હાલકડોલક થઈ જવાના છે. પણ તેનો બોજ સોસાયટી ઉપર આવશે એનું શું? જુદા જુદા દેશની સરકારો નાગરિકો ઉપર આડકતરૂં દબાણ કરશે એ પણ એક ભીતિ છે.

# સાવરકુંડલા માં ઓમકાર કેળવણી ટ્રસ્ટ દ્વારા પક્ષીઓ માટે માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું



રિપોર્ટર; યોગેશ ઉનડકટ સાવરકુંડલા

સાવરકુંડલાના ઓમકાર કેળવણી ટ્રસ્ટ સંચાલિત મૂળરાજ ધરમશી નેણશી વિદ્યાલય દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી એક ઉમદા પહેલ કરવામાં આવી છે, જેમાં ઉનાળાની ગરમીમા પક્ષીઓને મદદ કરવા માટે માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

પક્ષીઓ આપણા પર્યાવરણનો અત્યંત મહત્વપૂર્ણ ભાગ છે, અને ઉનાળાની કાતિલ ગરમીમાં તેમને પાણી મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે. આ વિદ્યાલય દ્વારા પક્ષીઓને પાણી પીવા માટે માટીના કુંડા આપીને પક્ષીઓને મદદ કરવામાં આવી રહી છે. જેથી તેઓ તંદુરસ્ત રહી શકે અને ગરમીના તાપનો સામનો કરી શકે. આ વિદ્યાલય દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી આ સેવા કાર્ય ચાલુ છે જેમાં આ વર્ષે પણ ૧૦૦૦ થી વધુ માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે સમગ્ર કાર્યક્રમના સંપૂર્ણ આર્થિક સહયોગી શ્રી દિનેશ ભાઈ દાવડા અને શ્રી પ્રો.કે. કે. જાની સાહેબ છે આપણી આસપાસના પક્ષીઓને બચાવવા અને તેમની સંભાળ રાખવા માટે સંપર્ક નંબર ૯૯૭૯૭૪૧૦૬૧ ફોન કરી માટીના કુંડા મેળવી શકાશે ખરેખર આ કાર્ય પ્રશંસનીય છે.

# ઉપલેટા કોર્ટે રૂ. પાંચ લાખ એંસી હજારના ચેક રીટર્નના કેસમાં આરોપીને નિર્દોષ છોડી મુકતો હુકમ કર્યો

ઉપલેટા તા. ૧૯

ઉપલેટામાં ચેક રીટર્ન કેસમાં ઉપલેટા કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ જાહેર કરીને ધી નેગોશીયેબલ ઈન્ટ્રમેન્ટ એકટની કલમ - ૧૩૮ ના ચાલેલા કેસમાં નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કર્યો હોવાનું સામે આવ્યું છે.

આ કેસની વિગતો આપતા આરોપી તરફે રોકાયેલ એડવોકેટ પિન્ટુભાઈ જી. મેઘાણીએ જણાવ્યું છે કે ઉપલેટાના સિદ્ધી વિનાયક પ્રોજેકટના પ્રોપ્રાઈટર જેન્તીભાઈ પીઠાભાઈ મકવાણા દ્વારા રૂપિયા પાંચ લાખ એંસી હજાર પુરાના ચેક રીટર્ન અંગેનો કેસ ઉપલેટાની નામદાર અદાલતમાં દાખલ કરાયો હતો. જેના ફોજદારી કેસ નં.૧૮૧૫/૨૦૨૨ થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રમેન્ટ - ૧૮૮૧ ની કલમ - ૧૩૮ મુજબ રૂપિયા પાંચ લાખ એંસી હજાર પુરાનો ચેક રીટર્નની ફરિયાદ કરાયેલ હતી. આ ઉપરોકત ફરિયાદ ઉપલેટાના મહેરબાન જયુડી. મેજી. (ફ.ક.) જજ સાહેબશ્રી એ. એ. દવે સાહેબમાં ચાલી જતા નામદાર અદાલત દ્વારા આરોપીને નિર્દોષ છોડી મુકતો હુકમ કર્યો છે.

આ કેસની કાર્યવાહીમાં શ્રી રંગ અમી કાર્ટીંગના પ્રોપ્રાઈટર પ્રતિકભાઈ અશોકભાઈ માછી - આરોપી તરફેના એડવોકેટ દ્વારા રજૂ રાખવામાં આવેલ




નામદાર હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના જુદા - જુદા ચુકાદાઓ ધ્યાને લઈ તેમજ ગાહ્ય રાખીને ઉપલેટાના મહે. જયુડી. મેજી. (ફ. ક.) સાહેબશ્રી એ. એ. દવે સાહેબ દ્વારા શ્રી રંગ અમી કાર્ટીંગના પ્રોપ્રાઈટર પ્રતિકભાઈ અશોકભાઈ માછીને નેગો. ઈન્ટ્ર. એકટ કલમ - ૧૩૮ માં નિર્દોષ જાહેર કરી છોડી મુકતો હુકમ કર્યો છે.

જેમાં આરોપી શ્રી રંગ અમી કાર્ટીંગના પ્રોપ્રાઈટર પ્રતિકભાઈ અશોકભાઈ માછી તરફે ઉપલેટાના એડવોકેટ બાબુલભાઈ જુણેજા, એડવોકેટ પિન્ટુભાઈ જી. મેઘાણી, એડવોકેટ નિમિતભાઈ પાનસરા તથા એડવોકેટ નિરવ શુકલ રોકાયેલ હતા.

# ઉનાળાની કાળઝાળ ગરમીમાં રેલ્વે સ્ટેશનમાં ૪ નંબર પ્લેટફોર્મમાં છાંયડો શોધવો મુશ્કેલ

## રેલ્વે સલાહકાર સમિતિ મુસાફરોની સુવિધા બાબતે મીટીંગમાં મૌન ?

- **પ્લેટફોર્મમાં શેડ, પંખા, લાઇટ, પાણી, ઇન્ડીકેટ્ર, બેસવાના બાકડા, શૌચાલય, સ્ટોલ કોઇ પ્રકારની સુવિધા નહીં**
- **ધોમધખતા તાપમાં મુસાફરો લાલચોળ; બપોરે તડકાથી બચવા બ્રિજ નીચે ઉભા રહેવા માટે ધસારો**

રાજકોટ, તા.૧૮ઃ સૌરાષ્ટ્રનાં પાટનગર ગણાતા રાજકોટનાં રેલ્વે સ્ટેશન અને હિરાસર સ્થિત ઇન્ટરનેશનલ હવાઇ મથકમાં મુસાફરોની માઠી દશા બેઠી છે અપૂરતી સુવિધાથી મુસાફરો ત્રસ્ત થઇ રહ્યા છે. રાજકોટ રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૪ કોઇપણ જાતની સુવિધા વિના કાર્યરત કરતા ઉનાળાની કાળઝાળ ગરમીમાં ખુલ્લા પ્લેટફોર્મમાં મુસાફરોને તડકામાં શેકાવું પડે છે. ટ્રેનની મુસાફરી માટે પ્લેટફોર્મ નં.૪માં શેડની સુવિધા નહીં હોવાથી ટ્રેનની રાહ જોતા મુસાફરો તડકામાં ઉભા રહી ત્રાહીમામ પોકારી ઉઠે છે.

કેન્દ્ર સરકારનાં રેલ્વે મંત્રાલય દેશભરના રેલ્વે સ્ટેશનોનાં પુનઃ નિર્માણ માટે અબજો-કરોડોનો પ્રોજેક્ટ અમલમાં મુક્યો છે ત્યારે રાજકોટ રેલ્વે સ્ટેશન (જં.)માં અસુવિધાઓનો કોઇ પાર નથી. મુસાફરોને સુવિધાઓ મળતી નથી. છેલ્લા છ માસથી પ્લેટ ફોર્મ નંબરોમાં ફેરફાર કરી પ્લેટ ફોર્મ નં.૬ને ૪ નંબર આપેલ છે. આ ૪ નંબરના



પ્લેટ ફોર્મમાં શેડ, પંખા, લાઇટ, ઇન્ડીકેટ્ર, ડીસ્પ્લે, સ્ટોલ, પાણી, શૌચાલય જેવી એક પણ પ્રકારની સુવિધા નહીં હોવાથી મુસાફરો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ઉપર આકાશ નીચે ધરતી જેવી સ્થિતિનું પ્લેટફોર્મ રાજકોટ મહાનગરના રેલવે સ્ટેશનમાં જોવા મળે છે તે સૌરાષ્ટ્રવાસી મુસાફરોના દુર્ભાગ્ય ગણવા રહ્યા છે.

પ્લેટ ફોર્મ નં.૪ કોઇપણ જાતની સુવિધા વગર જ રેલ્વે તંત્રએ ખુલ્લું મુકી દેતા મુસાફરો ઉનાળાની ઋતુમાં ટ્રેનની રાહ જોતા તડકામાં શેકાઇ રહ્યા છે. આ પ્લેટ ફોર્મ નં.૪માં છાંયડા માટે શેડ નથી, પીવા માટે પાણીની સુવિધા નથી, ખુલ્લા આકાશ નીચેના આ પ્લેટ ફોર્મમાં પંખાની પણ સુવિધાઓ પણ નથી, મુસાફરોને બેસવા માટે બાંકડા પણ નથી ટ્રેન આવે ત્યારે મુસાફરોને દોડા-દોડી કરવી પડે છે અને મુસાફરો ક્યારેક ક્યારે પ્લેટ ફોર્મમાં પડી પણ જતા હોય છે.

ખાણીપીણી, ચા-પાણીના સ્ટોલ, શૌચાલય, લાઇટની પણ કોઇ પ્રકારની સુવિધા નથી. કોઇ અંતરાયળ સ્થળના રેલવે સ્ટેશન સમુ પ્લેટ ફોર્મ નં.૪ રેલવેની આબરૂ લઇ રહ્યું છે તેમ છતાં એ.સી. ચેમ્બરમાં બેસતા રેલવે બાબુઓ પ્લેટફોર્મ નં.૪માં સુવિધા આપવા નિંદ્રાધીન હોવાનો સૂર ઉઠ્યો છે. રેલવે તંત્ર તાકિદે પ્લેટ ફોર્મ નં.૪ને સુવિધાજનક બનાવે તેવી મુસાફર વર્ગમાંથી માંગ ઉઠવા પામી છે.

રાજકોટ રેલવે સ્ટેશન સહિતની ડિવિઝનનાં રેલવે પ્રશ્નો બાબતે રેલવે સલાહકાર સમિતિમાં અનુભવીઓની નિમણુંક થાય છે. દર ત્રણ માસે રેલવે ડિવિઝનલ મેનેજરની હાજરીમાં રેલવે સલાહકાર સમિતિની બેઠક મળે છે. જેમાં સમિતિનાં સભ્યો દ્વારા ટ્રેન અને મુસાફરોની સુવિધા બાબતેનાં પ્રશ્ન રજૂ થાય છે. જેની રેલવે તંત્ર નોંધ લઇ તે દિશામાં રેલવે વિભાગ આગળની કાર્યવાહી કરે છે.

પરંતુ કમનસીબી એ છે કે રેલવે સલાહકાર સમિતિના મેમ્બરોનાં પ્રશ્નોનો ભાગ્યે જ ઉકેલ આવે છે.

આ બાબતે રેલવે સલાહકાર સમિતિનાં મેમ્બરો, વેપારી સંગઠનો, રાજકીય ક્ષેત્રનાં નેતાઓએ ચુપકીદી સેવી લેતા મુસાફરો હેરાન પરેશાન થઇ રહ્યા છે. રેલવે તંત્રએ મુસાફરોને ભગવાન ભરોસે છોડી દીધાનો ઘાટ સર્જાયો છે.

## રાજકોટ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી જસદણમાં ઠેર ઠેરથી આવકાર



અહેવાલ : હુસામુદ્દીન કપાસી-જસદણ

ગુજરાત જ નહી પણ બલ્કે આખા દેશની નજર જેના પર છે જે કોંગ્રેસના ઉમેદવાર પરેશભાઇ ધાનાણી શુક્રવારે પોતાની ઉમેદવારી નોંધાવે તે પૂર્વે આજે જસદણ આવેલ તેમની સાથે વિવિધ સમાજનાં આગેવાનો તન મન અને ધનથી જોડાયા હતાં આ તકે જસદણમાં તેમણે વિવિધ ધાર્મિક જગ્યાઓ પર પોતાનું શીશ નમાવ્યું હતું દરમિયાન તેમણે એક વાતચીતમાં જણાવ્યું હતું કે હું રાજકોટમાં ભાજપનો ઘમંડ તોડવા માટે જ આવ્યો છું લોકો ભાજપના રાજમાં ખુબ જ દુઃખી છે લોકોના દુઃખો દુર થાય એવી મારી અંતરની ઇચ્છા છે.

## રાજકોટમાં કાળઝાળ બાદ રાહતઃ ૩ ડિગ્રી તાપમાન ઘટી ગયું!

- **બપોરે અઢી કલાકે શહેરનું ૪૦.૬ ડિગ્રી તાપમાન નોંધાયુંઃ જોકે ૮ કી.મી.ની ઝડપે પવન ફૂંકાતા લૂંનો અનુભવ**

રાજકોટ, તા. ૧૮ઃ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા બે દિવસથી કાળઝાળ ગરમીએ હાહાકાર મચાવ્યો છે. અને અનેક સ્થળોએ તાપમાન ૪૨થી ૪૪ ડિગ્રી સુધી પહોંચી જતા જનજીવન ઉપર માઠી અસર થઇ છે.

અસહ્ય તાપથી બચવા લોકો અને ત્યાં સુધી બપોરે ઘરની બહાર નિકળવાનું ટાળી રહ્યા છે અને એસી-પંખાનાં સહારે આવી ગયા છે. સાથો સાથ ભયંકર ગરમીના પગલે વિવિધ ફ્રુટસ, જયુસ, ઠંડા પીણા, શેરડીનો રસ વિગેરેની ડિમાન્ડ પણ વધી જવા પામી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઇકાલે હિટવેવની અસર હેઠળ રાજકોટ શહેરનું મહતમ તાપમાન ૪૩.૮ ડિગ્રી સુધી પહોંચી જતા શહેરીજનોએ ચાલુ સિઝનની સૌથી વધુ ગરમી અનુભવી હતી. દરમ્યાન આજરોજ પણ સવારથી જ રાજકોટ શહેરમાં આકરી ગરમીનો પ્રકોપ રહેવા પામ્યો હતો.

# રાજુલા વનવિભાગે ગેરકાયદેસર લાકડાની હેરાફેરી કરતા ત્રણ વાહનોને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી



રીપોર્ટરઃ ધર્મેશ મહેતા-રાજુલા

રાજુલા, તા. ૧૮ઃ રાજુલા વનવિભાગે લાકડા ચોરો સામે લાલ આંખ કરી છે. અમરેલી ડીસીએફની સુચનાથી રાજુલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર એસ.એમ.મકરાણી સહિત સ્ટાફ ગત રાત્રીએ પેટ્રોલીંગમાં હતો. અને તે દરમિયાન રાજુલાના બાબરીયાધાર રાઉન્ડ વિસ્તારના ડુંગરપરડા રોડ પરથી બે બોલેરો પીકપ લાકડા ભરેલ આવી રહેલ હોય જેને ચેક કરતા કોઈપણ જાતની પાસ પરમીટ ન હોવાથી બોલેરો નંઃ- જીજે૧૨ઈટ૩૯૮૩ સાથે આરોપી સાંખટ રાકેશ વિઠલભાઈ ગામ બિલડી તા.મહુવા અન્ય બોલેરો વાહન નંઃ-GJ04AT7401 ચુડાસમા લાલજી માધાભાઈ ગામ બિલડી તા.મહુવાને ૪ ટન પાસ પરમીટ વિનાના લાકડા સાથે ઝડપી પાડયા છે. ઉપરાંત વિકટર રોડ પર એક ટ્રક જેમા લાકડાનો મોટો જથ્થો ભરેલ હોય પેટ્રોલીંગ દરમિયાન વનવિભાગે ચકાસણી કરતા ટ્રક નંઃ GJ16X8699ના આરોપી મકરાણી શબ્બીર એસ. ગામ જામવાડા, તા.ગીર ગઢડાને આશરે દસ ટનના લાકડા સાથે ઝડપી પાડી ત્રણેય આરોપી વિરૂધ્ધ ભારતીય વન અધિનિયમ મુજબ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામા આવી છે. રાજુલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર એસ.એમ.મકરાણીએ કુલ ૧૪ ટનના મસમોટા જથ્થા સાથે ત્રણેય વાહનોને પકડી પાડી સરાહનીય કામગીરી કરવામા આવેલ છે.

# રાજુલાની કાશીબા હોસ્પિટલના ડોક્ટર ટીમ દ્વારા ઓછા વજનવાળા બાળકનો જીવ બચાવી સરાહનીય કામગીરી કરી



રાજુલા, તા. ૧૮ઃ ડોક્ટર છે તેને ભગવાનનુ સ્વરૂપ માનવામા આવે છે. રાજુલામાં એક આવો જ કિસ્સો સામે આવ્યો છે. કાશીબા હોસ્પિટલના ડોક્ટર્સ ટીમ દ્વારા એક ઓછા વજન વાળા બાળકનો જીવ બચાવી ઉમદા કામગીરી કરવામા આવી છે. રાજુલા શહેરમાં આવેલ નામાંકિત કાશીબા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલમાં કથીવદર ગામના એક બાળકને તારીખ ૬ ફેબ્રુઆરીના રોજ એડમિટ કરવામા આવ્યું હતું. આ બાળકને કાશીબા હોસ્પિટલના ડો. દિનેશ કલસરીયા સહિત ડોક્ટર્સ ટીમ દ્વારા ઓછા વજન વાળા બાળકને બે મહિના અને તેર દિવસ પુરતી સારવાર આપી અને હાલ બાળકની તબિયત તંદુરસ્ત હોવાથી આજે તેમને રજા આપવામા આવી છે. અને બાળકની તમામ સારવાર PMJYકાર્ડમાં કરવામા આવી હતી. આ બાબતે હોસ્પિટલના ડોક્ટર દિનેશ કલસરિયા દ્વારા જણાવેલ કે, આ બાળકનો જન્મ મહુવા હોસ્પિટલ ખાતે થયો હતો. ત્યારે તેમનું વજન માત્ર ૪.૪૦ ગ્રામ હતું. અને આ બાળકને મહુવા હોસ્પિટલમાં સારવાર અપાઇ રહી હતી. ત્યારબાદ કાશીબા હોસ્પિટલમાં વધુ સારવાર માટે લાવવામાં આવેલ હતું. બાળકને બે મહિના અને તેર દિવસ એનઆઈસીમાં રાખી તમામ પ્રકારની જરૂરી સારવાર આપવામાં આવેલ હતી. અને સારવાર બાદ બાળકનું વજન એક કિલોને સૌ ગ્રામ થયો હતો. વધુમા જણાવેલ કે, આવા કેસ ભાગ્યે જ જોવા મળે છે. બાળકને સારવાર PMJY કાર્ડમાં કરવામાં આવી હતી. હાલ બાળકની તબિયત એકદમ તંદુરસ્ત હોવાથી આજે તેમને રજા કરવામાં આવેલ છે. આ તકે ડો. દિનેશ કલસરિયા, ડો. રાકેશ છોટાળા, ડો. વૈશાલી કાતરિયા, ડો.અક્ષય મોરી, ડો. શંત્રુગણ બાંભણીયા સહિત સ્ટાફગણ દ્વારા સરાહનીય કામગીરી કરવામા આવી છે.

# જસદણમાં રાજકોટ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ સોડાથી ઠંડક મેળવી



રાજકોટ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ ગુરૂવારે અચાનક જસદણ શહેરનો પ્રવાસ કર્યો હતો દરમિયાન તેમણે કાર્યકરો સાથે બજારમાં સામાન્ય જનની જેમ સખત ગરમીમાં લીંબુ સોડા અને સક્કર ટેટીનો આસ્વાદ માણી પોતાનો પ્રવાસ આગળ ધપાવ્યો હતો.

# પરસાણાનગરનો યુવક વેરાવળ જવાનું કહી લાપતા

મૂળ વતન જામનગરના રણજિત સાગર રોડ પર નાનકપુરીના અને હાલ જામનગર રોડ પરસાણાનગરના મનીષભાઈ શ્રીચંદભાઈ છતવાણી (ઉ.વ.૨૮) પોતાના ઘરેથી ઓફીસે કામ સબબ વેરાવળ જવાનુ કહી તા.૧૧/૦૪ના બપોરે એકાદ વાગ્યાની આસપાસ રાજકોટ ખાતેથી ગુમ થયા બાદ ઘરે પરત નહીં આવતા ઉપરોક્ત તસવીરમાં દેખાતા મનીષભાઈ વિશે કોઈને માહીતી મળે તો પ્ર.નગર પોલીસ સ્ટેશન ફોન નં.૦૨૮૧-૨૪૪૬૦૫૫ ઉપર જાણ કરવા વિનંતી છે.

# શ્રી રામચંદ્રજી મહારાજના જન્મોત્સવ પર્વમાં નિકળેલી શોભાયાત્રામાં જોડાયેલું જુનાગઢનું ગિરનારી ગ્રુપ

## ■ રામ લલ્લાના જન્મને વધાવતું ગિરનારી ગ્રુપ

જૂનાગઢ, તા. ૧૮: ગિરનારી ગ્રુપના સમીરભાઈ દતાણી તથા સંજયભાઈ બુહેચાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ભગવાન શ્રી રામચંદ્રીજી મહારાજના જન્મ મહોત્સવને શહેરના જુદા જુદા વિસ્તારમાં વિવિધ રીતે ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં ભક્તો દ્વારા ભગવાન શ્રી રામચંદ્રજીના મંદિરોમાં જઈને રામધૂન, મહા આરતી, મહાપ્રસાદ, અન્નકોટ સહિત વિવિધ સાસ્કૃતિ કાર્યક્રમોનું ભવ્યથી અતિ ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.શહેરના જુદા જુદા વિસ્તારો જેવા કે જોષીપરા, ઝાંઝરડા રોડ તથા ઉપરકોટ રામ મંદિરેથી




શોભાયાત્રાઓ વાજતે ગાજતે કાઢવામાં આવેલ હતી. જેમાં શહેરના જુદા જુદા વિસ્તારના મંડળો દ્વારા ભગવાન શ્રી રામચંદ્રજી મહારાજના વિવિધ પ્રકારના અદભુત ફ્લોટોસોની કૃતિઓ ભક્ત ગણો માટે શોભાયાત્રામાં દર્શનાર્થે રજુ કરવામાં આવેલ હતી. હરિઓમ ગ્રુપના સંકલનમાં રહીને ગિરનારી ગ્રુપ દ્વારા ભગવાન શ્રી રામચંદ્રજીને ૧૨૧ વસ્તુઓનો અન્નકોટ (ભોગ) ધરાવામાં આવેલ એવો ફ્લોટ રજૂ કરવામાં આવેલો હતો. અને ઠંડા પાણી તથા શરબતની સાથે પંજરી રૂપી પ્રસાદી આપવામાં આવેલ હતી.

આ શોભાયાત્રામાં ગિરનારી ગ્રુપના સભ્યશ્રીઓ સમીરભાઈ દવે,દેવાંગભાઈ પંડ્યા,દિનેશભાઈ રામાણી,લલીતભાઈ ગેરીયા, સમીરભાઈ ઉનડકટ, નરેન્દ્રસિંહ ચુડાસમા, સંજયભાઈ મહેતા, રાહુલભાઈ ભટ્ટ, સુધીરભાઈ રાજા, હરેશભાઈ કારીયા, વિપુલભાઈ બુદ્ધદેવ, કિશોરભાઈ પટોળિયા, સુનિલભાઈ સરખામણી, સંજયભાઈ સોલંકી, કાનાભાઈ દત્તાણી, બીપીનભાઈ ઠકરાર, વિજયભાઈ જોરા, મનીષભાઈ રાજા,તન્નાભાઈ, સંજયભાઈ વાઢેર, વેદ બારીયા, શુભ વાઢીયા, ડો. ધર્મેશ ચૌહાણ સહિતના લોકોએ શોભાયાત્રામાં જોડાયેલા હતા.

# જૈન વિઝન દ્વારા સતત ૧૧ માં વર્ષે પ્રભુ મહાવીર સ્વામી જન્મકલ્યાણક મહોત્સવ અવસરે આયોજનની હારમાળા

## ■ જૈન સમાજના પનોતા પુત્ર રત્ન રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની જન્મ જયંતિ અવસરે કાલે રંગ કસબુલ ડાયરો

ભગવાન શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક અવસરે રાજકોટ ખાતે સતત અગિયારમા વર્ષે રાજકોટ સમસ્ત જૈન સમાજ અને જૈન વિઝન દ્વારા'રંગ કસુંબલ ડાયરો'નું અહોભાવ અને ભક્તિપૂર્વક અનેરું અદકેરૂ આયોજન ૧૯ એપ્રિલ ૨૦૨૪ ને શુક્રવારના રોજ રાત્રિ ૮.૩૦થી શ્રી પ્રમુખ સ્વામી ઑડીટોરિયમ (એ.સી.),રૈયા રોડ ખાતે થયું છે.

ગુજરાતના ખ્યાતનામ લોકકલાકારો અભેસિંહ રાઠોડ, રાધાબેન વ્યાસ, નીલેશ પંડ્યા અને હરિસિંહ સોલંકી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત-સંશોધિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનોની રમઝટ બોલાવશે.

જૈનકુળમાં જન્મેલા ઝવેરચંદ મેઘાણીએ માત્ર ૧૨ વર્ષની વયે જૈન પાઠશાળામાં જૈન સ્તવનની સહુપ્રથમ રચના કરી હતી. આથી ઝવેરચંદ મેઘાણીની' બાલ્યાવસ્થાની લીલાભૂમિ' રાજકોટ ખાતે આ પ્રેરક આયોજનનું સવિશેષ મહત્વ છે.

ટીમ જૈન વિઝન સતત ૧૧મા વર્ષે ભવ્ય આયોજનની હારમાળા સર્જવા તડામાર તૈયારીમાં લાગી ગયેલ છે સમગ્ર











આયોજનમાં પ્રમુખ સ્થાને રાજકોટ લોક સભાના ઉમેદવાર શ્રી પરષોત્તમ રૂપાલા અને કાર્યક્રમના ઉદ્ઘાટક જૈન અગ્રણી જીતુભાઈ બેનાણી જામનગરના પૂર્વ મેયર શ્રી બીનાબેન કોઠારી શ્રી રામભાઈ મોકરીયા (રાજ્યસભા સાંસદ શ્રી) જ્યોતિન્દ્રભાઈ મહેતા (સહકારીઅગ્રણી). શ્રી દર્શિતાબેન શાહ (ધારાસભ્ય શ્રી-રાજકોટ), શ્રી જયેશભાઈ શાહ (સોનમ ક્વાર્ટસ), શ્રી મૂકેશભાઈ દોશી (પ્રમુખ શ્રી શહેર ભાજપ), ડો મેહુલ રૂપાણી એચ એન શુક્લા કોલેજ પૂર્વ જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદર ભાજપ અગ્રણી વિજયભાઈ વાંક શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા વાવડી ષળષ ગ્રુપના મયુર્ધ્વજ સિંહ જાડેજા શહેર ભાજપ કોસાધ્યક્ષ મયુરભાઈ શાહ સુમન ઓટામેટીવના સુરેશભાઈ અજમેરા અને જૈન સમાજના અને અનેક સામાજિક રાજકીય આગેવાનો ખાસ ઉપસ્થિત રહેશે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર


# જૂનાગઢ વિધાનસભા મતવિસ્તારમાં પ્લાસ્ટિકની નહી, ઈકો ફ્રેન્ડલી કાપડની કેરી બેગ વપરાશે

- એક એવી બેગ જે, પ્લાસ્ટિક મુક્ત ગિરનાર અને અચૂક મતદાનનો આપે છે સંદેશ
- મહત્તમ મતદાન અને પર્યાવરણના જતન માટે કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાની વધુ એક આગવી પહેલ




જૂનાગઢ, તા. ૧૮ઃ લોકસભા સામાન્ય ચૂંટણી એટલે કે, લોકશાહીનું મહાપર્વમાં પ્લાસ્ટિક મુક્ત ગિરનારની નેમને સાર્થક કરવા એક વિશિષ્ટ પહેલ કરવામાં આવી રહી છે. સાથે જ તા.૭ મી મેએ મતદાન અવશ્ય કરીએ. તેવો એક આગવી ઢબે સંદેશ આપવામાં આવી રહ્યો છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ પ્લાસ્ટિક મુક્ત ગિરનાર અને મહત્તમ મતદાન થાય તે માટે નવીન પહેલ કરી છે. ૮૬- જૂનાગઢ વિધાનસભા મત વિસ્તારમાં લોકસભા સામાન્ય ચૂંટણીમાં જુદા જુદા કામાર્થે વપરાતી પ્લાસ્ટિક બેગની જગ્યાએ કાપડની થેલી ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે. ખાસ કરીને ગિરનાર નજીકના ઈકોસેન્સેટીવ ઝોન સહિતના મતદાન મથકમાં સ્ટેશનરી કે અન્ય વસ્તુઓના હેરફેર માટે ઈકો ફ્રેન્ડલી કાપડની થેલીનો વપરાશ કરવામાં આવશે. ઈકો સેન્સેટીવ ઝોનમાં પ્લાસ્ટિક ઉપર સદંતર પ્રતિબંધ હોવાથી આ વિસ્તારના મતદાન મથકમાં પ્લાસ્ટિકના ઉપયોગ વગર ચૂંટણી યોજવામાં આવશે અને કાપડની થેલીનો ઉપયોગ કરવામાં આવશે.

આ કાપડની બેગ પર એક તરફ 'પ્લાસ્ટિક મુક્ત ગિરનાર' અને થેલીની બીજી બાજુ 'મતદાન અવશ્ય કરીએ' નો સંદેશ આપવામાં આવ્યો છે.આમ લોકશાહીના મહાપર્વમાં અચૂક મતદાનના સંદેશ સાથે પર્યાવરણ - પ્રકૃતિના જતન માટે પહેલ કરવામાં આવી છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ માટે રચનાત્મક અભિગમ સાથે જુદા-જુદા કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ સાથે ગરવો ગિરનાર સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત રહે તે માટે પણ જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે.

# શ્રીલંકાના પૂર્વીય પ્રાંતનાં ગવર્નર સેન્થિલ થોન્ડમન રાજકોટમાં : વોટસન મ્યુઝીયમ નિહાળી પ્રભાવિત

- ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી, કબા ગાંધીનો ડેલાની મુલાકાત લીધી




રાજકોટ, તા. ૧૮ઃ શ્રીલંકાના પૂર્વીય પ્રાંતના ગવર્નર સેન્થિલ થોન્ડમન રાજકોટની મુલાકાતે પધાર્યા હોઈ તેઓએ અહીંની ઐતિહાસિક સાંસ્કૃતિક ધરોહરને નજદીકથી જાણવા અને નિહાળવાનો લાભ લીધો હતો.

ગવર્નર સેન્થિલ થોન્ડમનએ જ્યુબિલિ ગાર્ડન સ્થિત વોટ્સન મ્યુઝિયમની મુલાકાત લઈ અહીં સંગ્રહિત પુરાતત્વીય, જૂની વિરાસત, લોક સાંસ્કૃતિક ધરોહરને રસપૂર્વક નિહાળી હતી. વોટ્સન મ્યુઝિયમના ક્યુરેટર સંગીતાબેન રામાનુજ તેમજ સહાયક પુરાતત્વ નિયામક સિધ્ધાબેન શાહે મ્યુઝિયમ સ્થિત કૃતિઓનું મહત્વ સમજાવ્યું હતું. અહીં તેઓએ વી.આર.ના માધ્યમથી ખંભાલીડા બૌદ્ધ ગુફાઓની વર્ચ્યુઅલ ટુર કરી હતી. સેન્થિલ થોન્ડમને ગાંધીજીના જીવન કવનને પ્રદર્શિત કરતા રાજકોટના પ્રખ્યાત ગાંધી મ્યુઝિયમની પણ મુલાકાત લીધી હતી. તેઓએ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરવી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. તેમણે મ્યુઝિયમના વિવિધ કેન્દ્રોની મુલાકાત લઈ 'મોહનથી મહાત્માની સફર'ને ઓડિયો વિઝ્યુઅલ માધ્યમથી રસપૂર્વક માણી હતી. આ સાથે ગાંધીજીનો બચપણથી કિશોરાવસ્થા દરમ્યાન જે જગ્યાએ ઉછેર થયેલો તે કબા ગાંધીના ડેલાની મુલાકાત લઈ તેઓ અત્યંત પ્રભાવિત થયા હતાં. ગવર્નર સેન્થિલની સાથે આદિજાતિ વિભાગના મદદનીશ કમિશનર અમિરાજ ખાવડ, રાજકોટ પૂર્વ મામલતદાર એસ.જી.ચાવડા વગેરેએ ઉપસ્થિત રહી તેઓને માર્ગદર્શન

# જિલ્લાના આઠથી વધુ ગામોને ટેન્કરો મારફત પીવાના પાણીનું વિતરણ શરૂ

- ઉનાળાની કાળઝાળ ગરમી શરૂ થતાની સાથે જ દેકારો : ટેન્કરોના ૫૭ ફેરા મંજૂર

રાજકોટ, તા. ૧૮ઃ ઉનાળાનો પ્રારંભ થતાની સાથે જ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની હાડમારી શરૂ થવા પામી છે. જેને અનુલક્ષીને પાણીની તંગીવાળા ગ્રામ્ય વિસ્તારોને ટેન્કરો મારફતે પીવાના પાણીનું વિતરણ શરૂ કરી દેવામાં આવેલ છે.

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ આ અંગે જણાવ્યું હતું કે, જિલ્લાના ઢેઢુકી, અનીડાવાછરા, જુના રાજપીપળા, ખોખડદળ, નવી ખોખરી, મહિકા, અમરગઢ, ભીચરી સહિતના આઠથી વધુ ગામોમાં ટેન્કરોના ૫૭ ફેરા મારફત પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં જરૂર જણાય ત્યાં પીવાના પાણીના ટેન્કરો શરૂ કરવાની સત્તા પ્રાંત અધિકારીને આપવામાં આવી છે.

તેઓએ જણાવ્યું હતું કે જિલ્લાના જળાશયોમાં જરૂર જણાય તો પાણી ઉપાડ પર પ્રતિબંધ ફરમાવાશે પણ હજુ આ અંગેની કોઈ આવશ્યકતા જણાતી નથી.

તેઓએ વિશેષમાં એવું પણ જણાવ્યું હતું કે ચૂંટણીની કામગીરીના કારણે પાણી સમિતિની મીટીંગ હજુ મળી શકેલ નથી. જોકે આ અંગેનો માસ્ટર પ્લાન તૈયાર કરી દેવામાં આવેલ છે.

# મહાનગરપાલિકાએ બે દિવસમાં ૧૦૧ વેપારીઓ પાસેથી ૬.૨૯૫ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત કર્યુ

- જાહેરમાં ગંદકી કરતા લોકો પાસેથી રૂ. ૨૬,૬૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો

રાજકોટ, તા. ૧૮: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તા. ૧૬ થી ૧૭ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં તા. ૧૬ થી ૧૭ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૧ આસામીઓ પાસેથી ૬.૨૯૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૨૬૬૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.



સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૧.૩૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે તથા વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૭ આસામીઓ પાસેથી ૩.૮૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૩૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૯ આસામીઓ પાસેથી ૧.૧૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો.

# વિવિધ સરકારી તેમજ ખાનગી કંપનીનાં પ્રતિનિધિઓ સાથે બેઠક યોજવામાં આવી



રાજકોટ, તા. ૧૮: લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ સંગઠિત તેમજ અસંગઠિત ક્ષેત્રનાં કામદારોનાં મતદાન સુનિશ્ચિત કરવા સારું ગુજરાત રાજય શ્રમ આયુક્તની કચેરી દ્વારા અત્રેની કચેરીને કુલ-૬૦ એકમો કે જ્યાં ૨૫૦ થી વધુ કામદારો ધરાવે છે તેવા એકમોના પ્રતિનિધિઓની મિટિંગ તા.૧૬/૪નાં રોજ પૂર્વ ઝોન કચેરી ખાતે સાંજે ૦૫-૩૦ કલાકે યોજવામાં આવેલ હતી.

આ મિટિંગમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (લીડ બેંક)- ભારતીય જીવન વીમા નિગમ-કમિશનર ઓફ જી.એસ.ટી કચેરી -સરકારી પ્રેસ-રાજકોટ ડેરી સહિતની વિવિધ સરકારી/ અર્ધસરકારી/પી.એસ.યુ,નાં તેમજ ખાનગી એકમો જેવા કે એચ જે ઈન્ડસ્ટ્રીઝ-રોલેક્સ રીંગ-પરફેક્ટ મોટર્સ-ભવાની ઈન્ડસ્ટ્રીઝ-જયંત સ્નેક્સ-ફાઈન થ્રેડસ-વિંગ્સ એગ્રીકલ્ચર-પ્રશાંત કાસ્ટિંગસ-પરમેશ્વરી જવેલેકસ-લેન્ડમાર્ક-પી.બી.ડબ્લ્યુ બેરિંગ્સ-ગુજરાત ફોર્જિંગ-સહિતના કુલ-૪૦થી વધુ એકમોના પ્રતિનિધિઓ હાજર રહેલ હતા. નોડલ ઓફિસર અને નાયબ કમિશનર સ્વપ્નિલ ખરે દ્વારા તમામ એકમોને શ્રમયોગીઓનું મતદાન અચૂક થાય તે સુનિશ્ચિત કરવા તેમજ જે શ્રમયોગીઓ મતદાન કરેલ ચિન્હ બતાવે તેઓને ઈન્સેન્ટીવ આપવા સહિતના પ્રોત્સાહક કાર્યવાહી કરવા અપીલ કરાયેલ, શ્રમયોગીઓને મતદાન તા.૦૭/૫ના રોજ સવેતન રજા આપવા જણાવેલ જેથી તેઓ પરિવાર સહ મતદાન કરી શકે. ત્યારબાદ હાજર રહેલ તમામ પ્રતિનિધિઓ દ્વારા મતદાન અંગેના શપથ લીધેલ હતા.

# રાજકોટ મહાનગરપાલિકા આવતા માસમાં સીએનજી બસો દોડાવશે

રાજકોટ તા.૧૮: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાક સમયથી રાજકોટ શહેરમાં સીટી બસો દોડાવવામાં આવી રહી છે. ખાસ કરીને મહાનગરપાલિકા દ્વારા પ્રદુષણ અટકાવવા અને ઉર્જા બચાવવા માટે રાજકોટ શહેરના જુદા જુદા રૂટો પર ઈલેકટ્રીક બસો પણ દોડાવવામાં આવી રહી છે. ત્યારે હવે ટુંક સમયમાં જ મહાનગરપાલિકા દ્વારા પ્રદુષણને અટકાવવા માટે વધુ એક મહત્વપૂર્ણ પગલુ લેવામાં આવનાર છે અને આ અંગે મહાનગરપાલિકાએ પુર્વ તૈયારી પણ શરુ કરી દીધી છે. આ અંગેની મહાનગરપાલિકાના સૂત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ હવે મહાનગરપાલિકા દ્વારા ઈલેકટ્રીક બસોની સાથોસાથ રાજકોટ શહેરમાં સીએનજી બસો પણ દોડાવનાર છે. ખાસ કરીને પર્યાવરણની જાળવણી માટે મહાપાલિકાએ આ મહત્વપૂર્ણ જાહેરાત તાજેતરમાં કરી હતી. આ જાહેરાત દરમ્યાન હવે મહાનગરપાલિકાએ રાજકોટ શહેરના જુદા જુદા વિસ્તારમાં એક સીએનજી બસ મારફતે ટ્રાયલ શરુ કરી દીધી છે. આ ટ્રાયલ આવતા ચાર થી પાંચ દિવસ સુધી ચાલનાર છે. ત્યારબાદ મે માસમાં રાજકોટ શહેરમાં ૨૫ જેટલી સીએનજી બસો એઈમ્સ સુધી દોડાવવા માટેનું આયોજન કરાયુ હોવાનું જાણવા મળેલ છે.

# રાજકોટ શહેરમાં ૪૮ કલાકમાં હિટવેવ અસરગ્રસ્ત ૭૨ લોકોને સારવાર અપાઇ

■ ગરમી-લૂથી બચવા આરોગ્ય વિભાગે માર્ગદર્શિકા જાહેર કરી



રાજકોટ, તા. ૧૮: હાલ આકરી ગરમી શરૂ થઈ ગઈ છે ત્યારે રાજકોટના આરોગ્ય વિભાગે લોકોને સાવધાની રાખવા અપીલ સાથે માર્ગદર્શિકા જારી કરી છે. આ સાથે છેલ્લા ૪૮ કલાકમાં ગરમી-લુના કારણે ૭૨ લોકોને આરોગ્ય સંબંધી તકલીફો જોવા મળી હતી. જે તમામનેન તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી.

ગરમી તથા લૂના કારણે રાજકોટમાં ૧૬મી એપ્રિલે કુલ મળીને ૪૮ લોકોને પેટમાં દુખાવો, વોમિટિંગ, ડાયેરિયા, હાઈ ફીવર સહિતની અસરો થતાં તેમને તાત્કાલિક સારવાર અપાઈ હતી. જ્યારે ૧૭મી એપ્રિલે ૨૪ લોકોને ગરમીથી તબિયત ખરાબ થતાં જરૂરી તમામ સારવાર અપાઈ હતી.

રાજકોટના જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણેની સૂચના મુજબ, રાજકોટના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે. સિંઘ તથા ઈન્ચાર્જ એપિડેમિક મેડિકલ ઓફિસર ડો. ગૌરાંગ ઉપાધ્યાયના માર્ગદર્શનમાં ડિસ્ટ્રિક્ટ હેલ્થ સોસાયટી દ્વારા હિટવેવ સામે સાવધાની માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે પૂરતા પ્રયાસો કરવામાં આવે છે. જેમાં સોશિયલ મીડિયા પર વિવિધ પોસ્ટ કરીને લોકોને સાવધાની રાખવા અપીલ કરાય છે. આ ઉપરાંત હાઈવે પર વિવિધ સ્થળે મોટા હોર્ડિંગ્સ લગાવાયા છે, જેમાં આકરી ગરમી-લૂ સામે શું સાવધાની રાખવી તેની માહિતી આપવામાં આવી છે.

આ સાથે આઈ.ડી.પી.એસ.-આરોગ્ય શાખા દ્વારા ગરમી-લૂ સામે સાવધાની રાખવા અપીલ સાથે માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, વધુ પડતી ગરમીના કારણે લુ લાગવાના કેસો ખાસ કરીને નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધો, અશક્ત બીમાર દર્દીઓ, શ્રમિકો અને ખેત મજૂરોમાં બનવા પામે છે. જે ઘણીવાર જીવલેણ પણ બની શકે છે. આથી તેની સામે સાવધાની રાખવી જરૂરી છે.


શરીર અને માથાનો દુઃખાવો થવો-શરીરનું તાપમાન વધી જવું-ખૂબ જ તરસ લાગવી-ગરમ, લાલાશ અને શુષ્ક ત્વચા-ઉલ્ટી, ઉબકા થવા-આંખે અંધારા આવવા, ચક્કર આવવા-શ્વાશોશ્વાશ અને હૃદયના ધબકારા વધી જવા- અતિ ગંભીર કિસ્સામાં ખેંચ આવવી, બેભાન થઈ જવું.

**લુ લાગવાથી બચવાના ઉપાયો**

ગરમીમાં શક્ય હોય ત્યાં સુધી બહાર નીકળવાનું ટાળવું-આખું શરીર અને માથું ઢંકાય તે રીતે સફેદ સુતરાઉ કપડા પહેરવા-ટોપી,ચશ્માં છત્રીનો ઉપયોગ કરવો-ભીના કપડાથી માથું ઢાંકી રાખવું અને જરૂર જણાયે અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું-સીધા સૂર્ય પ્રકાશથી બચવું અને દિવસ દરમ્યાન ઝાડ નીચે, ઠંડક અને છાયામાં રહેવું-દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પાણી, લીંબુ સરબત, નાળીયેરનું પાણી, ઓ.આર.એસ.વગેરે પીવા-નાના બાળકો, સગર્ભા માતા,વૃધ્ધો અને અશકત-બીમાર વ્યકિતઓ એ તડકામાં વિશેષ કાળજી રાખવી-ગરમીમાં બજારમાં મળતો ખુલ્લો, વાસી ખોરાક ખાવો નહિ-સામાજિક પ્રસંગે દૂધ માવામાં બનાવેલ ખાદ્યપદાર્થો ખુલ્લા કે વધુ સમય પડતર રહેલ હોય તે ખાવા નહિ-ગરમીની ઋતુમાં બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું-ચા-કોફી-તમાકુ-સિગરેટ, દારૂના સેવનથી લુ લાગવાની શક્યતા વધે છે, તેથી તેનું સેવન ટાળવું.

# શાપર-વેરાવળ વિસ્તારમાં ભૂકંપમાપક યંત્ર મૂકાશેઃ કલેક્ટર

■ ગાંધીનગરની સીસ્મોલોજીકલ રિસર્ચના અધિકારીઓની ટીમની તપાસ-સર્વે બાદ રિપોર્ટની રાહ જોતું તંત્ર



રાજકોટ તા.૧૮: રાજકોટના સીમાડા પર આવેલ શાપર-વેરાવળ, પડવલા વિસ્તારમાં તાજેતરમાં ભૂકંપના આંચકાથી ધરા ધણધણી ઉઠતા આ વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ જવા પામેલ હતો. જેના પગલે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ગાંધીનગર ઉચ્ચ કક્ષાએ રીપોર્ટ કરાયો હતો. જે બાદ ગત સોમવારે ગાંધીનગરથી સીસ્મોલોજીકલ રીસર્વેના અધિકારીઓ ડો. નીસર્ગ મકવાણા અને દિલીપસિંહએ દોડી આવી શાપર-વેરાવળ તેમજ પડવલા અને ગુંદાસરા વિસ્તારમાં સર્વે કામગીરી કરી હતી. આ અંગે જીલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ આજે જણાવ્યું હતું કે શાપર-વેરાવળ વિસ્તારમાં ભૂકંપ માપક યંત્ર મુકવામાં આવનાર છે.

દરમિયાન સીસ્મોલોજીકલ રીસર્વેના અધિકારીઓની ટીમની રીસર્વેની કામગીરી બાદ તેમના રીપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે શાપર-વેરાવળ, પડવલા, ગુંદાસરા વિસ્તારમાં ભૂકંપના આંચકાના કારણે જમીનમાં અને અનેક બિલ્ડીંગોમાં તીરાડો પડી જવા પામેલ છે. ગાંધીનગર સીસ્મોલોજીકલ રીસર્વેના અધિકારીઓની ટીમ દ્વારા શાપર-વેરાવળ, પડવલા વિસ્તારમાં નદી-નાળા, તળાવ, ટેકરા સહિતના વિસ્તારોની મુલાકાતો લઈ સતત ત્રણ કલાક સુધી સર્વે કામગીરી કરી નિરીક્ષણ કર્યુ હતું.

સીસ્મોલોજીકલ રીસર્વેના અધિકારીઓના પ્રાથમિક રીપોર્ટમાં તેમણે જણાવ્યુ હતું કે આ વિસ્તારમાં એ સીસ્મીક ઝોન-૩માં આવતો હોય જેમાં જમીનની ઉંડાઈથી ૧૦ કિ.મી. નીચે પાણી અને પથ્થર ભેગા થતા હોય આ ભૂકંપના આંચકાથી ધરા ધણધણી હતી. દરમિયાન કલેકટરે આજે જણાવ્યું હતું કે શાપર-

# રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં ખેલાશે કસોકસનો જંગ: વધુ છ ઉમેદવારીપત્રો ઉપડયા

### ■ કાલે નામાંકનપત્ર ભરવાનો અંતીમ દિવસ: વધુ બે નોમીનેશન

બહુજન સમાજ પાર્ટી અને બહુજન મુકિત પાર્ટીના ઉમેદવારોના નામાંકન: અંતીમ દિવસે બપોરના ત્રણ વાગ્યા સુધી જ ઉમેદવારી ફોર્મ સ્વીકારાશે: ઉમેદવારોની સંખ્યા વધશે તો ટોકન અપાશે-કલેકટર પ્રભવ જોશી

રાજકોટ તા.૧૮: રાજકોટ સહિત રાજયની લોકસભાની ૨૬ અને વિધાનસભાની ૫ બેઠકોની ચૂંટણીમાં આવતીકાલે નામાંકન પત્ર ભરવાનો અંતિમ દિવસ હોય નામાંકન પત્ર ભરવા માટે આવતીકાલે ઉમેદવારોનો ધસારો રહેશે. જેમાં રાજકોટ લોકસભાની બેઠક માટે અગાઉ ભાજપ સહિત ત્રણ ઉમેદવારોના નામાંકન પત્ર ભરાયા બાદ આજે બહુજન સમાજ પાર્ટી અને બહુજન મુકિત પાર્ટીના ઉમેદવારોએ તેમના નામાંકન પત્ર જીલ્લા કલેકટર કચેરી ખાતે જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી સમક્ષ સબમીટ કર્યા હતા.

જેમાં બહુજન સમાજ પાર્ટીના ચમનભાઈ સવસાણી તેમજ બહુજન મુકિત પાર્ટીના પ્રકાશભાઈ સીંધવે તેમનું નામાંકન પત્ર ભર્યુ હતું. જેની સાથે જ રાજકોટ બેઠક ઉપર અત્યાર સુધીમાં ભરાયેલા નામાંકન પત્રની સંખ્યા પાંચને આંબી ગયેલ છે જયારે આવતીકાલે નામાંકન પત્ર ભરવાના અંતિમ દિવસે કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ તેમની ઉમેદવારી નોંધાવનાર છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે અગાઉ કલેકટર કચેરીમાંથી ૩૧૯ જેટલા ઉમેદવારી ફોર્મ ઉપડયા બાદ આજે વધુ છ જેટલા અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી ફોર્મ કલેકટર કચેરીમાંથી ઉપાડયા હતા. જેમાં ક્ષત્રિય સમાજ દ્વારા ૧૮૦ જેટલા ઉમેદવારી ફોર્મ કલેકટર કચેરીમાંથી ઉપાડવામાં આવ્યા છે પરંતુ ક્ષત્રિય સમાજનું એક પણ ઉમેદવારનું ઉમેદવારી ફોર્મ ભરાઈને હજુ સબમીટ થવા પામેલ નથી.

ત્યારે આવતીકાલે રાજકોટ બેઠક ઉપર કેટલા ઉમેદવારી ફોર્મ ભરાય છે તેના ઉપર તંત્રએ મીટ માંડી છે. જોકે આવતીકાલે નામાંકન પત્ર ભરવાનો અંતિમ દિવસ હોય ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ રૂપથી વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે આવતીકાલે તા.૧૯ને શુક્રવારના રોજ બપોરના ત્રણ વાગ્યા સુધી જ ઉમેદવારોના નામાંકન પત્ર સ્વીકારવામાં આવશે. નામાંકન પત્ર ભરવા માટે જો ઉમેદવારોની સંખ્યા વધશે તો ઉમેદવારોને ટોકન આપવામાં આવશે. તેઓએ જણાવ્યું હતું કે આવતીકાલે બપોરના ત્રણ વાગ્યા સુધી જ નામાંકન પત્રો સ્વીકારવામાં આવશે જે બાદ તા.૨૦ના ભરાયેલા નામાંકન પત્રોની ચકાસણી કરાશે. ત્યારબાદ તા.૨૨ના નામાંકન પત્ર પરત ખેંચવાની અંતિમ તારીખ નિયત કરવામાં આવી છે.

## ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થતા જ ૧૮ હજાર પોસ્ટલ બેલેટ છપાશે

રાજકોટ તા.૧૮: રાજકોટ લોકસભા બેઠકનું ચૂંટણી ચિત્ર આગામી તા.૨૨ને સોમવારના સાંજે સ્પષ્ટ થઈ જશે. તેની સાથે જ ૧૮૦૦૦ જેટલા પોસ્ટર બેલેટ પ્રિન્ટીંગ માટે આપી દેવાશે તેમ જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું. તેઓએ વિશેષમાં જણાવ્યું હતું કે સરકારી કર્મચારીઓ દિવ્યાંગો અને બુઝર્ગ મતદારો માટે આ બેલેટ પેપરો છપાવવામાં આવશે. જયારે ૭૨૦ જેટલા બેલેટ પેપરો કે જે સૈનિકો માટે છે જે ટપાલમાં પરત આવશે. અહીં એ ઉલ્લેખનીય છે કે પોસ્ટલ બેલેટથી મતદાન માટે આજે અમદાવાદ ખાતે ખાસ એકસચેન્જ મેળો આયોજીત કરવામાં આવેલ. જેમાં રાજકોટથી ૭૧૪૬ ફોર્મ સાથે નોડલ અધિકારીને મોકલવામાં આવેલ છે.

# ૧૦ દિવસમાં વેરા વળતર યોજનાનો ૬૧ હજારથી વધુ કરદાતાએ લાભ લીધો

### ■ રૂા. ૩૪.૦૯ કરોડનો વેરો ભર્યો : આર.એમ.સી.એ રૂા.૩.૯૨ કરોડનું ડિસ્કાઉન્ટ આપ્યું

રાજકોટ, તા. ૧૮: રાજકોટ મહાનગરપાલિકાએ તાજેતરમાં વેરા વળતર યોજના જાહેર કરી છે. જેનો છેલ્લા દસ દિવસ દરમ્યાન ૬૧ હજારથી વધુ કરદાતાઓએ લાભ લીધો છે અને રૂા.૩૪ કરોડથી વધુનો વેરો ભરપાઈ કર્યો છે. આ અંગેની વેરા વસુલાત શાખાનાં સુત્રોનાં જણાવ્યા મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ



૨૦૨૪-૨૫ મિલ્કતવેરો તથા પાણી વેરાની ભરપાઈ કરવા માટે તા. ૮ના રોજ વેરો વસુલવાની કામગિરી શરૂ થયેલ છે. જેમા તા. ૧૮ના બપોરે ૧૨:૩૦ સુધીમાં ૬૧૧૨૩ કરદાતાઓ દ્વારા કુલ ૩૪.૦૯ કરોડ જેટલા વેરાની ભરપાઈ કરેલ છે. જેમાં ઓફ લાઈન(કેશ તથા ચેક) કરદાતા ૧૫૯૦૯ વેરો ૯.૫૧ કરોડ અને ઓન લાઈનના કરદાતા ૪૫૨૧૪એ ૨૪.૫૮ કરોડનો વેરો ભરપાઈ કરેલ છે. કુલ વસુલ કરેલ રકમ પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ ૩.૯૨ કરોડનું ડિસ્કાઉન્ટ આપેલ છે.

# ૨૪ કલાકમાં આચારસંહિતા ભંગની ૨૫ ફરિયાદો: મામલતદારો સાથે તાબડતોબ બેઠક યોજતા કલેકટર

રાજકોટ તા. ૧૮: રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં આચારસંહિતા ભંગની ૨૫ ફરિયાદો ઉઠી છે. જેના પગલે કલેકટર અને ચૂંટણી અધિકારી દ્વારા આજે તાબડતોબ ઉઘડતી કચેરીએ જ તાલુકા મામલતદારો સાથે બેઠક યોજી આચારસંહિતા ભંગની ફરીયાદોનો ફટાફટ નિકાલ કરવા આદેશ આપ્યો હતો.

દરમિયાન આ અંગે જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે સી-વિઝીલ એપ્લીકેશનમાં છેલ્લા ૨૪ કલાકમાં આચારસંહિતા ભંગની ૨૫ ફરિયાદો તેઓને મળી છે. તેની સાથે જ અત્યાર સુધીમાં આચારસંહિતા ભંગની મળેલી ફરીયાદોનો આંકડો ૯૫ને આંબી જવા પામેલ છે. તા.૧૬ માર્ચથી ૧૮ એપ્રિલ સુધીમાં તેઓને આચારસંહિતા ભંગની આ ૯૫ ફરીયાદો મળવા પામી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે ગઈકાલે એક જ દિવસમાં રેસકોર્સ રીંગ રોડ સહિતના વિસ્તારોમાં ભાજપના પોસ્ટરોમાં મુદ્રક-પ્રકાશકના નામ નહીં લખાતા આવા પોસ્ટરો-બેનરો તાબડતોબ ઉતારવા માટે કલેકટર દ્વારા આદેશ અપાયો હતો.

તેઓએ આ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન અને જે તે એજન્સીને બેનરો હટાવી લેવા માટે આદેશ આપ્યો હતો.

# ઠેર ઠેર ક્ષત્રિય સમાજના વિરોધને ડામવા કાનૂન ઉગામાયો

■ રૂપાલા વિવાદ ઈફેક્ટઃ હવે ચુંટણી સભા-રેલી-સરઘસ સામે કાળા વાવટા દર્શાવવા, સૂત્રોચ્ચાર કરવા પર પ્રતિબંધ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૧૮ઃ ગુજરાતમાં લોકસભા ચુંટણીમાં રાજકોટ સંસદીય બેઠક પરના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વધતા વિરોધ અને તેવો સાથે અને ભાજપના અન્ય ઉમેદવારો સામે કાળા વાવટા દેખાડીને થઈ રહેલા વિરોધમાં હવે રાજ્ય સરકારે ચુંટણી લડતા ઉમેદવાર સામે કાળા વાવટા દેખાડવા પર પ્રતિબંધ લાદવા નિર્ણય લીધો છે અને તે અંગેનું એક જાહેરનામું અમદાવાદ પોલીસે બહાર પાડી દીધું છે. જયારે અન્ય મહાનગરો અને જીલ્લા પોલીસ પણ તેને અનુસરે તેવા સંકેત છે. છેલ્લા કેટલાક સમયથી ફોર્મ ભરવા જતા ઉમેદવાર સામે ક્ષત્રિય સમાજ કાળા વાવટા દેખાડી શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જેમાં છેલ્લે ભાવનગરમાં ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણીયા સામે ક્ષત્રિય યુવકોએ કાળા વાવટા દેખાડીને વિરોધ કર્યો હતો.



રૂપાલા વિવાદ શરૂ થયો છે તે પછી ઠેર ઠેર આ પ્રકારે વિરોધ જાગતા અને ભાજપની સભાઓમાંજ વિઘ્ન સર્જાવા લાગતા હવે તેઓ સરકારને શાંતિ જોખમાય તેવો ડર છે અને અમદાવાદ પોલીસે જાહેરનામું બહાર પાડીને પ્રચાર-પ્રસાર રેલી-સભા સરઘસમાં વિરોધ કરવામાં કાળા વાવટા દેખાડવા સૂત્રોચ્ચાર કરવા પ્લેકાર્ડ બેનર દર્શાવવા કે આકર્ષક ઉશ્કેરણી નજીક ભાષણથી સુલેહ શાંતિનો ભંગ થાય તથા હુલડ કે બખેડો થવાની શકયતા અને ધ્યાનમાં રાખી આ પ્રકારની રેલી-સભા-સરઘસમાં કાળા વાવટા ફરકાવવા ઉશ્કેરણીજનક બેનર પ્રસિદ્ધ ન કરવા ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કરવા પર પ્રતિબંધ મુકી દેવાય છે. તા.૭ મે સુધી આ જાહેરનામાનો અમલ રહેશે.

# બપોરે INDIA ગઠબંધન ઉમેદવાર પરેશ ધાનાણી ફોર્મ ભરશે : ક્ષત્રિય સમાજે ટેકો જાહેર કર્યો

■ **નામાંકન પૂર્વે સવારે રેસકોર્સ ખાતે વિજય વિશ્વાસ સભા : પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર સહિતના નેતાઓ ઉપસ્થિત રહેશે**

રાજકોટ તા. ૧૮ : શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, આમ આદમી પાર્ટીના પ્રમુખે સંયુક્ત યાદી જણાવે છે કે ઇન્ડિયા ગઠબંધનના



ઉમેદવાર રાજકોટ લોકસભા ૧૦ ના ઉમેદવાર પરેશભાઈ ધાનાણી આવતીકાલે બપોરના ૧૨-૩૯ મિનિટે પોતાનુ ઉમેદવારી પત્ર ભરશે તે પહેલા વિજય વિશ્વાસ સંમેલન ભરવામાં આવશે.

ફોર્મ ભરતા પૂર્વે રાજકોટમાં જંગી સભા ભરવામાં આવશે આ સભાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજયસભાના સાંસદ શક્તિસિંહજી ગોહિલ, સિદ્ધાર્થભાઈ પટેલ, જગદીશભાઈ ઠાકોર સભાને સંબોધન કરશે જે પગલે કોંગ્રેસ પક્ષના તમામ કાર્યકરો અને આમ આદમી પાર્ટીના તમામ આગેવાનો અને કાર્યકરો ઉમટી પડવા અપીલ કરવામાં આવી છે.

આ સભાને ક્ષત્રિય સમાજ એ ટેકો જાહેર કરેલ છે. ૧૯ એપ્રિલ ૨૦૨૪, રેસકોર્સ ખાતે, બહુમાળી ભવન ચોક, સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે દરેકે સવારે ૧૦:૦૦ કલાકે ઉપસ્થિત રહેવા રાજાણી અને આમ આદમી પાર્ટી પ્રમુખની યાદીમાં જણાવાયું છે.

# પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત શહેરનાં છ વોર્ડનાં ૯ વોંકળામાં સફાઈ કરવામાં આવી

રાજકોટ, તા.૧૮ઃ રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અને નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન હેઠળપ્રિ-મોન્સૂન વોકળા સફાઈ અંતર્ગત તા.૧૬-૦૪-૨૦૨૪ના રોજ વોર્ડ નં.૪, ૫, ૧૫, ૨, ૭, ૧૦અને ૯માં આવેલ વોંકળાની સફાઇ કરવામાં આવી હતી.

પૂર્વઝોનના વોર્ડ નં.૪ વોર્ડ ઓફીસની બાજુમાં, જે.સી.બી. અને ડમ્પરથી વોકળા સફાઈની કામગીરી, વોર્ડ નં.૪ગણેશનગર, લાતીપ્લોટ ૧૧ પાસે વોકળામાં સફાઇ તથા વોર્ડનં.૫ વાસંગીદાદાના મંદિર પાસે માલધારી સોસા વોકળામાં સફાઈની કામગીરી, વોર્ડ નં.૧૫રામનગર શેરી નં ૫ ખોડિયાર ડેરી સામે વોકળામાં સફાઈની કામગીરી, વોર્ડ નં.૧૫જિલ્લાના નાલેવોકળામાં સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી.

મધ્યઝોનના વોર્ડ નં.૨એરપોર્ટ ફાટક પાસે ભોમેશ્વર મે. રોડ થી જામનગર રોડ સાંઢીયા પુલ તરફ જે.સી.બીડમ્પર દ્વારાવોકળા સફાઈ, વોર્ડ નં.૭કોલ સેન્ટર ફરીયાદમાં મનહર પ્લોટ ૧૯ વોકળા સફાઈ, વોર્ડ નં.૭જન કલ્યાણ હોલ પાસે વોકળા સફાઈ કરવામાં આવેલ હતી.

પશ્ચિમ ઝોનના વોર્ડ નં.૯રૈયા સ્મશાન પાછળ તથા પામ યુનિવર્સ પાસે જેસીબી ડમ્પર દ્વારા વોકળા સફાઈ, વોર્ડ નં.૧૦શ્રીરંગ રેસિડેન્સી વોકળા કો.સે. ફરિયાદ અન્વયે જે સીબીએસ ડમ્પર દ્વારા વોકળા સફાઈ, વોર્ડ નં.૧૦સદગુરુ નગર વોકળા મેન્યુલ સફાઈ, વોર્ડ નં.૧૦પ્રેમ મંદિર બગીચા પાસે જેસીબી ડમ્પર દ્વારા વોકળા સફાઈકરવામાં આવેલ હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# ચોમાસામાં રોગચાળો ન ફેલાય અને નદી-નાળા-વોંકળા પાસે આવેલ શાળાઓમાં સેફટીનાં આગોત્તરા પગલા લો

■ પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત અધિકારીઓ સાથે બેઠક યોજતા મ્યુ.કમિશ્નર



રાજકોટ,તા.૧૭: પ્રિ-મોન્સુન એકટીવિટી અંતર્ગત ગઈકાલે મ્યુ.કમિશ્નર આનંદ પટેલની અધ્યક્ષતામાં મહાપાલિકા ખાતે સંબંધીત અધિકારીઓની, હાજરીમાં બેઠક યોજાઈ હતી. જેમાં રાહત બચાવ કામગીરીની આગોત્તરી તૈયારીઓની સમિક્ષા કરાઈ હતી. ખાસ કરીને આ બેઠક દરમ્યાન ચોમાસા વખતે રોગચાળો ન પ્રસરે તથા નદી-નાળા-વોંકળા નજીક આવેલ શાળાઓમાં સેફટી અંગે ચકાસણી કરવા તથા ભારે વરસાદ વખતે ફુડ પેકેટ સહિતની વ્યવસ્થા કરવા મ્યુ.કમિશ્નરે સુચના આપી હતી.આ બેઠકમાં નાયબ કમિશનરશ્રીઓ શ્રી સ્વપિનલ ખરે, શ્રી ચેતન નંદાણી અને બી. વી. લીંબાસિયા ઉપરાંત ચીફ ફાયર ઓફિસર આઈ. વી. ખેર, તમામ સિટી એન્જિનિયરશ્રીઓ, સહાયક કમિશનરઓ, તથા અન્ય સંબંધિત શાખાધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

આ તકે એ ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે, વર્તમાન વર્ષમાં સ્વચ્છ ભારત મિશન અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા બે સપ્તાહથી વોંકળાઓની સફાઈ પર વિશેષ ભાર મુકવામાં આવેલ છે. અહીં એ પણ નોંધવું રહ્યું કે, જે વોંકળાઓ પાસેથી રસ્તા પસાર થતા હોય તેવા વોંકળાઓને પતરાઓની આડશ પણ કરવામાં આવેલ છે, જેનાથી લોકો કચરો સીધો જ વોંકળામાં નાંખતા અટક્યા છે. મ્યુનિ. કમિશનર આનંદ પટેલે વોંકળાઓમાં જો હજુ પણ ક્યાંય કચરો કે સી. એન્ડ ડી. વેસ્ટ પડેલો દેખાય તો તેનો તુર્ત જ નિકાલ કરવા અને પાણીના પ્રવાહને કોઈ અવરોધ ન નડે તે સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સમયાંતરે વોંકળાઓની મુલાકાત લેતા રહી જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

મ્યુનિ કમિશનરએ આ વખતે એક વિશેષ પગલું ઉઠાવતા, ચોમાસાને કારણે રસ્તાઓ પર પડતા ખાડાઓની તાત્કાલિક મરામત થાય તે માટે ઝોનવાઈઝ ક્વિક રિસ્પોન્સ ટીમ રચવા પણ આદેશ કર્યો છે. આ ઉપરાંત ડ્રેનેજ કે ખુલ્લી ગટરની સફાઈ કામગીરી દરમ્યાન જાહેર સલામતી ખાતર, રસ્તા પર કામ ચાલુ છે તેની જાણકારી લોકોને મળી રહે તે માટે વર્ક ઇન પ્રોગ્રેસના બોર્ડ ગટરના ઢાંકણાં પાસે કે ખુલ્લી ગટર પાસે અચૂક રાખવા સૂચના પણ આપી હતી. ઉપરાંત જે સ્થળોએ વરસાદી પાણી વિશેષ પ્રમાણમાં ભરાતા હોય ત્યાં પાણીનો ઝડપી નિકાલ થાય તે માટે જરૂરી સાધનો હાથવગા રાખવા પણ અધિકારીશ્રીઓને ખાસ સૂચના અપાઈ હતી. ચોમાસા પૂર્વે શહેરમાં જર્જરિત મકાનો અનુસંધાને સંબંધિત મકાન માલિકને મકાન ખાલી કરવા કે તોડવા પૈકી જે કામની આવશ્યકતા હોય તે અંગે નોટિસ પાઠવવા કમિશનરશ્રીએ ખાસ સૂચના આપી હતી.

રાજકોટ શહેરમાં નદી, નાળા કે વોંકળાની નજીકમાં આવેલ શાળાઓ કે આંગણવાડીઓમાં સેફટી અંગેની જરૂરી ચકાસણી કરવા અને જરૂરિયાત જણાયે તુર્ત જ શાળાઓ કે આંગણવાડીઓ અન્ય સલામત સ્થળે શિફ્ટ કરી લેવા સૂચના આપવામાં આવેલ હતી.

આ વર્ષે સામાન્ય કરતા વધુ સારૂ ચોમાસું થવાની આગાહી છે ત્યારે ચોમાસ દરમ્યાન કે ત્યારબાદ રોગચાળો પ્રસરે નહીં તે માટે તમામ શક્ય આગોતરા પગલાં લેવા આરોગ્ય અને મેલેરિયા વિભાગને એલર્ટ કરવામાં આવેલ હતાં. ભારે વરસાદ દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવા અને તેઓ માટે ફુડ પેકેટ્સની વ્યવસ્થા પણ થાય તે માટે અત્યારથી જ જરૂરી સંકલન કરી રાખવા અને જે સ્થળે લોકોનું સ્થળાંતર સરળતાથી કરી શકાય તેવી શાળાઓ અત્યારથી જ આઈડેન્ટિફાય કરી લઈ ત્યાં જરૂરી સેવા અને સુવિધાઓ ઉપલબ્ધ બની રહે તે સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

## જનરલ અને પોલીસના ઓબ્ઝર્વર સાંજે રાજકોટમાં: ચૂંટણી પ્રક્રિયા પર રખાશે બાજ નજર

રાજકોટ તા.૧૮: રાજકોટ લોકસભાની ચૂંટણી પ્રક્રિયા માટે જનરલ ઓબ્ઝર્વર માટે ભવાનીસિંહ દેઠા અને પોલીસના ઓબ્ઝર્વર તરીકે ચંદનકુમાર ઝાની નિયુકિત ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવી હોય આ બન્ને ઓબ્ઝર્વર આજે સાંજ સુધીમાં જ રાજકોટ આવી પહોંચશે તેમ જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું. પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે રાજકોટ બેઠક માટે જનરલ ઓબ્ઝર્વર તરીકે નિયુકત કરાયેલા ભવાનીસિંહ દેઠા એ રાજસ્થાનના પ્રિન્સીપલ સેક્રેટરી છે. જયારે પોલીસના ઓબ્ઝર્વર તરીકે નિમાયેલા ચંદનકુમાર ઝા એ ઝારખંડના આઈપીએસ અધિકારી છે. આ બન્ને ઉચ્ચ અધિકારીઓ આજે સાંજ સુધીમાં રાજકોટ ખાતે આવી પહોંચશે અને રાજકોટ બેઠકની ચૂંટણી પ્રક્રિયા પર બન્ને ઉચ્ચ અધિકારીઓ બાજ નજર રાખશે.

## વેરાવળમાંથી દેશી તમંચા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો

વેરાવળ શહેરમાંથી એક શખ્સને દેશી તમંચા સાથે એલસીબીએ ઝડપી લઈ પુછપરછ કરતા વલસાડના શખ્સ પાસેથી હથીયાર મેળવેલ હોવાનું સામે આવતા તેની ધરપકડ કરવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે માહિતી આપતા એલસીબી પીઆઈ એ.બી.જાડેજાએ જણાવેલ કે, હાલ ચુંટણી સંબંધી પેટ્રોલીંગ ચાલુ હોય દરમ્યાન વેરાવળમાં સોમનાથ ટોકીઝ વિસ્તારમાં એક શખ્સ હથીયાર સાથે ફરી રહ્યો હોવાની બાતમી એલસીબીના ગોવિંદ વંશ અને નરવણસિંહને મળી હતી. જેના આધારે સ્ટાફની ટીમે તુરંત દોડી જઈ તપાસ કરતા આઈ ડી ચૌહાણ સ્કુલ પાસેથી એક શંકાસ્પદ હિલચાલ કરતો શખ્સ શકીલ ઉર્ફે ભુરો ગની સુમરા (ઉ.વ.૩૨) રહે.ગોવિંદપરા વાળાની તલાશી લેતા તેના કબ્જામાંથી એક દેશી તમંચો અને એક કારતુસ મળી આવ્યો હતો.

આ તમંચા અંગે પોલીસ સ્ટેશને લાવી આગવીઢબે પુછપરછ કરતા વલસાડના વિશાલ ઉર્ફે સોમો ચૌહાણ નામના ઈસમ પાસેથી એક વર્ષ પહેલાં લીધો હોવાની કબુલાત આપી હતી. અત્યાર સુધીમાં આ તમંચાનો કોઈ ગુનામાં ઉપયોગ કર્યો છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. અટકાયત કરાયેલ શખ્સ શકીલ ઉર્ફે ભુરો સુમરા સામે વેરાવળ, કોડીનાર અને વલસાડ પોલીસમાં પશુઓની હેરાફેરી અને દારૂના જુદા જુદા ગુનાઓ નોંધાયેલા હોવાનું જાણવા મળેલ હતુ. આ મામલે વેરાવળ પોલીસમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વિજયમુહૂર્ત ચૂકી જતા સી.આર. પાટીલ આજે ઉમેદવારી ફોર્મ ભરશે

## હજારોની જનમેદની સાથે રોડ શો યોજ્યા બાદ પરત ફર્યા, કોંગ્રેસના ચંદનજીએ ફોર્મ ભર્યું

અમદાવાદ, તા. ૧૮ઃ કેન્દ્રીય ચૂંટણીપંચે ગુજરાત સહિત દેશમાં લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર કરી દીધી છે. ત્યારે ત્રીજા તબક્કામાં ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પર એક જ દિવસે ૭મી મેએ મતદાન થશે અને ૪ જૂને મતગણતરી થશે. ૧૨ એપ્રિલથી ૧૯ એપ્રિલ સુધી ઉમેદવારો ફોર્મ ભરી શકશે. ગઈકાલે રામ નવમીની રજા બાદ આજે ગુરૂવારે રાજ્યની બાકી રહેલી કેટલીક બેઠકો પર ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો ફોર્મ ભરશે. આજે અમરેલીથી ભાજપના ઉમેદવાર ભરત સુતરીયાએ ફોર્મ ભર્યું હતું. તેમજ કોંગ્રેસમાં પાટણના ચંદનજી, ખેડા લોકસભા બેઠકના કાળુસિંહ ડાભી અને વડોદરા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર જસપાલસિંહ પઢિયારે ફોર્મ ભર્યું હતું. તેમજ જૂનાગઢથી હીરાભાઈ જોટવા, આણંદથી અમિત ચાવડા, અમદાવાદ પૂર્વ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર સહિતનાઓ આજે ફોર્મ ભરશે. તો સી આર પાટીલ આજે ફોર્મ ભરવાના હતા પણ વિજયમૂર્હત ચુકી ગયા હતા. જેથી



હવે કાલે ફોર્મ ભરશે. નવસારીમાં સી આર પાટીલની રેલી યોજાઈ હતી. જેમાં મહિલાઓ ગરબે ઘૂમી હતી. તેમજ ગીતા રબારીએ ગીત લલકાર્યા હતા.

**આજે ક્યા ક્યા ઉમેદવારે ફોર્મ ભર્યું**

ખેડા લોકસભા બેઠક પરથી કોંગ્રેસના કાળુસિંહ ડાભી

પાટણ લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ચંદનજી ઠાકોર

અમરેલી બેઠક પરથી ભાજપના ભરત સુતરીયા

વડોદરા લોકસભા બેઠક પરથી કોંગ્રેસના જસપાલસિંહ પઢિયાર

**નવસારી બેઠકના ભાજપના ઉમેદવાર સી.આર.પાટીલ હવે કાલે ફોર્મ ભરશે**

નવસારી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર સી.આર પાટીલ CM ભુપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી સહિતના સમર્થકો સાથે મોટી સંખ્યામાં બાઇક રેલી યોજી હતી. નવસારીમાં આવેલા મધ્યસ્થ કાર્યાલયથી રેલીની શરૂઆત થઈ હતી. ફૂલોથી શણગારેલી ગાડીમાં પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતનાઓએ રેલી યોજી હતી. રેલીમાં હજારો લોકો ઉમટી પડ્યા હતા. મહિલાઓએ રેલીમાં ગરબે રમતી નજરે પડી હતી. તો ગીતા રબારીએ ગીતો લલકાર્યા હતા.

રેલી દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. આ વચ્ચે પાટીલ વિજયમૂર્હત ચુકી ગયા હતા. જેથી હવે તેઓ કાલે ફોર્મ ભરશે. હજારોની જનમેદની સાથે રોડ શો યોજ્યા બાદ પાટીલ પરત ફર્યા હતા.

**ખેડા લોકસભાના કોંગ્રેસના ઉમેદવારે વિજય મૂહુર્તમાં ફોર્મ ભર્યું**

ખેડા જિલ્લામાં ચૂંટણીનું વાતાવરણ જામી રહ્યું છે. ખેડા લોકસભા બેઠક પરથી આજે કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર કાળુસિંહ ડાભીએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ વિજય મુહૂર્તમાં નામાંકન પત્ર ભરી સુપ્રત કર્યું હતું. આ પહેલા વિજય સંકલ્પ સાથે સમર્થન રેલી પણ કાઢી હતી.

# ડ્રીમ સિટીના રહેવાસીઓને ધમકી આપનાર તથા માનસિક હેરાન કરતી મહિલા સહિત બે સામે પોલીસ કમિશનરને રજૂઆત

સામના મિરર રાજકોટ

શહેરના રૈયા રોડ પર આવેલા આલાપ ગ્રીન સીટી ની પાછળ સોપાન હાઇટ્સ પાસે આવેલ ડ્રીમ સિટી માં વસવાટ કરતા રહેવાસીઓએ મોટી સંખ્યામાં પોલીસ કમિશનર કચેરી ખાતે દોડી આવી પોલીસ કમિશનરને આવેદન પાઠવી જણાવ્યું છે કે તેઓ ઉપરોક્ત જણાવેલા સરનામે રહે છે અને આ ડ્રિમ સિટી માં રહેતી મહેક બેન લલિતભાઈ ભંભાણી અને અમિત ઠક્કર સહિતના બે ઈસમો દ્વારા અવારનવાર રહેવાસીઓને શાંતિ મારી નાખવાની ધમકી આપવી બદનક્ષી કરી સુલે નો ભંગ કરવા ઉછેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા તથા સાર્વજનિક બગાડ થાય તેવા કંઠનો કરવા અને સોસાયટીની વાતાવરણ બગાડવા માટે જાહેર શાંતિનો ભંગ કરવા હોય જેથી આ બંને



સામે યોગ્ય પગલાં લઈ રહેવાસીઓને આ મહિલા અને પુરુષના ત્રાસમાંથી મુક્ત કરવા રજૂઆત કરવામાં આવી છે બનાવના પગલે અધિકારીઓએ લેખિતમાં અરજી લઈ યોગ્ય કાર્યવાહી કરવાની અને ન્યાય અપાવવાની ખાતરી આપી છે.શહેરના રૈયા રોડ પર આવેલા આલાપ ગ્રીન સીટી ની પાછળ સોપાન હાઇટ્સ પાસે આવેલ ડ્રીમ સિટી માં વસવાટ કરતા રહેવાસીઓએ મોટી સંખ્યામાં પોલીસ કમિશનર કચેરી ખાતે દોડી આવી પોલીસ કમિશનરને આવેદન પાઠવી જણાવ્યું છે કે તેઓ ઉપરોક્ત જણાવેલા સરનામે રહે છે અને આ ડ્રિમ સિટી માં રહેતી મહેક બેન લલિતભાઈ ભંભાણી અને અમિત ઠક્કર સહિતના બે ઈસમો દ્વારા અવારનવાર રહેવાસીઓને શાંતિ મારી નાખવાની ધમકી આપવી બદનક્ષી કરી સુલે નો ભંગ કરવા ઉછેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા તથા સાર્વજનિક બગાડ થાય તેવા કંઠનો કરવા અને સોસાયટીની વાતાવરણ બગાડવા માટે જાહેર શાંતિનો ભંગ કરવા હોય જેથી આ બંને સામે યોગ્ય પગલાં લઈ રહેવાસીઓને આ મહિલા અને પુરુષના ત્રાસમાંથી મુક્ત કરવા રજૂઆત કરવામાં આવી છે બનાવના પગલે અધિકારીઓએ લેખિતમાં અરજી લઈ યોગ્ય કાર્યવાહી કરવાની અને ન્યાય અપાવવાની ખાતરી આપી છે.

# રાજકોટમાં પત્રકારો બિલ્ડરો પાસે ખંડણી માંગે છે?? પો.કમીશનને સળગતી રજુઆત

## ન્યુસન્સ ખંડણી ખોર પત્રકારનેને ડામવું એ આપણી નૈતિક ફરજ: આમાં સાચા પત્રકારો તથા છાપાના માલિકોનું પણ નામ બદનામ થાય છે. આવા લોકો માત્ર બ્લેક મેઈલીંગ માટે જ ન્યુઝ પેપર ચલાવતા હોય છે. ઉપરાંત મારા જેવા અનેક બિલ્ડરો ની તથા અરજદાર છે જેની પાસેથી લાખો રૂપિયાની માંગણી કરી હોવાની ઉઠતી રાવ



**સામના મિરર રાજકોટ**

અમિશા હરીશકુમાર વૈધ વિધૃત નગર સોસાયટી- અમિન માર્ગ રાજકોટ શહેર પોલીસ કમીશનરને રજુઆત કરતા જણાવ્યું હતું કે અમો બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલા છીએ. છેલ્લા ઘણા સમયથી રાજકોટમાં ગેરકાયદે બાંધકામમાં ઉઘરાણા કરતા પત્રકારનો પ્રશ્ન સામે આવ્યો છે. દિવ્યેશ રજનીકાન્ત જયસ્વાલ મારા કાકા હતા જેમનો હમણા મહિના પહેલા સ્વર્ગવાસ થયેલ હોવાથી હું અમિશા હરીશકુમાર વૈધ ફરીયાદીની કાર્યવાહી હાથ ધરુ છુ. જેમાં ભારત હેડલાઈનના માલિક અતિવિવાદિત ખનણી કહોર અમિતભાઈ ઠક્કર નામની વ્યક્તિ અમારી સાઈટ પર વારંવાર એમના માણસને મોકલી આરએમસી મા ખોટી ફરિયાદો કરી અમને માનસિકત્રાસ આપતાંહોય તથા રાજકોટમાં અનેક બાંધકામોમાં ફોટા પાડીને આરએમસીનાા અધિકારીઓને દબાવી ઉઘરાણા કરતા હોવાની ફરિયાદ ઉઠી છે તો તમામને મારી રજૂઆત છે કે આવા ન્યુસન્સ ખનણી ખોર પત્રકારને ને ડામવું એ આપણી નૈતિક ફરજ છે. આમાં જેન્યુઅને પત્રકારો તથા છાપાના માલિકોનું પણ નામ બદનામ થાય છે. આવા લોકો માત્ર બ્લેક મેઈલીંગ માટે જ ન્યુઝ પેપર ચલાવતા હોય છે. ઉપરાંત મારા જેવા અનેક બિલ્ડરો ની તથા અરજદાર છે જેની પાસેથી લાખો રૂપિયાની માંગણી કરી છે. આમાં અમારી સાઈટ ઉપરના સરનામાં મુજબ અમિત ઠક્કર દ્વારા એમના મળતીયાઓને મોકલી આવી ધાક ધમકીથી ફોટો પડાવી ગયેલ અને આરએમસીમાં અમારા વ્યક્તિગત ફરીયાદ કરેલ અને આરએમસીના અધિકારીઓને ભારત હેડલાઈન ન્યૂઝ પેપરના નામે અમિત ઠક્કર ધમકાવતા આ પ્રોજેક્ટમાં આર્કીટેક્ટ તરીકે મારા હસબન્ડ હરીશ નવીનચંદ્ર વૈદ્ય છે જેઓને બોલાવવામાં આવ્યા: અને અમિતભાઇ ઠકકરને મળવાની વાત કરેલી અમિતભાઈ ઠક્કરને મારા હસબન્ડની બદલેઆ સાઈટ હું સંભાળતી હોય તો હું તેઓની ઓફિસે ૫-ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ રૂબરૂ મળવાગયેલ ત્યારે પાંચ લાખ આપવા કહ્યું અમિતભાઇ ઠક્કરે આર્કીટફ તરીકે હરીશભાઈ ને પણ દબાવી ખોટી રીતે કોઈ પણ કેસમાં ફિટ કરિદેવા ધામકી પણ આપેલ તથા લાઈસન્સ રદ કરવીનાખવાની ધામકી હું તેમને ઓફિસે મળવા ગયી ત્યારે મને ધમકી આપેલ આ સમગ્ર મામલો પતાવવા અમિતે પોતાની ઓફિસે મને બોલાવી પાંચ લાખમાં પતાવત કરવા કહ્યું અને મે તેઓને કહ્યું કે તમે આ વહીવટ પતાવી દો તો હું આરએમસી માં મારાદ્વારા કરાવવામાં આવેલી ફરિયાદો હું પાછી ખેંચાવી લવ છું મે કહ્યું હું પાંચ લાખ ન આપુ તો તેઓ મને ધમકાવવા લાગ્યા કે આ કામ કાયમી બંધ કરાવી દઈશ. આમ તેઓ વારંવાર કોર્પોરેશનમાં અમારા પ્રોજેક્ટમાં અધિકારીઓ પર માનસિક ત્રાસ અને દબાણ કરવા મંડ્યા. અમિત ઠક્કર બારા અનેક લોકો બ્લેક મેઈલ થયા છે એવુ અનેક બિલ્ડરોની આરએમસીમા ફરિયાદો કરેલ હોય તો હું રાજકોટ શહેર પોલિસ કમિશનર સાહેબ અમિત ઠક્કર પર યોગ્ય પગલાં લેવા વિનંતી કરું છું. હવે આગામી દિવસોમાં પોલીસ કમીશનર દ્વારા શુ પગલા લેવામાં આવશે તેની પર સૌ કોઈની નજર છે.



# ૫૦,૦૦૦થી વધુ લોકોએ માણ્યો ઓર્ગેનિક ખેડૂત હાટ મહોત્સવ

- **રાજકોટની જનતાનો અભૂતપૂર્વ પ્રતિસાદ : ત્રણ દિવસમાં ૪ કરોડથી વધુનો વ્યાપાર**
- **શુદ્ધ પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયેલા ૮૫ ખેડુતો, ઓર્ગેનિક મોલ અને ગૌ પ્રોડકટસ સાથે જોડાયેલા આંત્રપ્રિન્યોર્સ એ ભાગ લીધો**



રાજકોટ તા ૧૮ : રાજકોટના આંગણે ૧૨,૧૩ અને ૧૪ એપ્રિલના ચૈત્રી નવરાત્રીના પવિત્ર દિવસોમાં ઓર્ગેનિક ખેડૂત હાટ મહોત્સવ કાલાવડ રોડ સ્થિત યોગીધામ - આત્મીય યુનિવર્સિટી કેમ્પસ મા ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો. જી.સી.સી.આઈ. (ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઈઝડ ઈન્ડસ્ટ્રી) યોગીધામ - આત્મીય યુનિવર્સિટી અને નવરંગ નેચર ક્લબના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં પ્રથમવાર આટલો સુઆયોજીત ઓર્ગેનિક ખેત પેદાશોના મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

જી.સી.સી.આઈ ના સ્થાપક ચેરમેન, ભારત સરકારના પૂર્વ મંત્રી ડો.વલ્લભભાઈ કથીરિયા ના સીધા માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્રના કેપીટલ એવા રાજકોટ શહેરમાં યોજાયેલા મેળામાં ફક્ત અને ફક્ત શુદ્ધ અને સાત્વિક પ્રાકૃતિક ખેતી કરતા હોય તેવા ૮૫ જેટલા ખેડૂતોએ ભાગ લઈ રાજકોટના શહેરીજનોને ઓર્ગેનિક ઉત્પાદનોનો સ્વાદ ચખાડયો. વર્ષોથી પ્રાકૃતિક ગૌ આધારિત કૃષિ કરતાં અને ઓર્ગેનિક કૃષિ માટે લોક શિક્ષણનું કાર્ય કરતા બગસરા નજીકના સુડાવડ ગામના પ્રતિષ્ઠિત ખેડૂત આગેવાન અને સમર્પિત કૃષિ સેવક પ્રવીણભાઈ આસોદરિયાએ જવાબદારી લઈ ૮૦૦ જેટલા ખેડૂતોમાંથી ૮૫ જેટલા ખેડૂતોને પૂરેપૂરા ચકાસી આ ઓર્ગેનિક ખેડૂત હાટ માં ભાગીદાર બનાવ્યા હતા.









નો ફેવર, નો ફિઅર...


# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...



## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

# 98983 17826



**અને જોડાઇ જાવ અમારી સાથે...**



સુખનું સરનામું હવે બનશે ટાગોર રોડ પર
Book Your Profit Here...
SHUKAN
POINT
Shops - Showrooms
Offices - Terrace Offices
91191 95495
ભક્તિનગર સ્ટેશન પ્લોટ મેઈન રોડ, રાજકોટ.




You Deserve
The Best
PACIFIC
PLAZA
SHOPS I SHOWROOMS
TERRACE OFFICES
નાનામવા મેઈન રોડ, બીઝનેસ
ટર્મીનલની બાજુમાં, ભગવતી
ડેન્ટલ કલીનીકની સામે, રાજકોટ.
89303 72303
89303 75303




સાધુવાસવાણી રોડ અને પાટીદાર ચોક થી નજીક
Plan your
FUTURE
with us
WEST
VIEW
2 BHK
3 BHK
4 BHK
LUXURY APARTMENTS
with
SHOPS - SHOWROOMS
73597 00303 I 76985 00303
પાટીદાર ચોક, સાધુવાસવાણી રોડ, નંદનીકેતનની સામે,
સોપાન હેબિટેટની સામે, રાજકોટ.




@ કોઠારીયા 80 ફૂટ મેઈન રોડ,
80/25 રોડના કોર્નરનો ફુલ્લી કોમર્શિયલ પ્રોજેક્ટ
દુકાનો
શો-રૂમ
ઓફિસ
Ready
Possession
SARDAR
ARCADE
કોઠારીયા મેઈન રોડ, 80 ફૂટ મેઈન રોડ, સરદાર ચોકથી નજીક, રાજકોટ.
: 99043 48013 I 99043 48014

- 200 sq ft with attached toilet and wash basin 2 nd floor Shop no 24 Road side view
- Atlantis hills Near Ramdevpir chowkdi
- Rent 10000 Advance 2 deposit lift and general toilet available
- 11 months agreement compulsory

Contact- 9725078721

મધુવન કોચિંગ ક્લાસીસ સંભાળી શકે તેવા સ્ટાફની જરૂરીયાત છે.

રૂબરૂ મળવાનો સમય સોમવારથી મંગળવાર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬

ધોરણ ૧૦-૧૨ બાદ યુપીએસસી અને જીપીએસસીના કોચિંગ ક્લાસ સંભાળી શકે તેવાં ઉત્સવાહસ કોચની જરૂર છે. આકર્ષિક પગાર

Mo.80000 11119

ADDRESS: B,210 AALP, LIMDA CHOK RAJKOT

નાગેશ્વરમાં કસમાં પ્લોટ વેચવાનો છે પાણીના સંપની પાછળ 490 વાર 25000 ભાવ

Mo.9898317826

AM
TRADING

*લાઈફ ટાઈમ ડિમેટ એકાઉન્ટ ફ્રી

ફ્રી એડવાઈઝરી

EQUITY STOCK

IPO/SME IPO

OPTION TRADING

NIFTY BANK NIFTY


COMODITY

CURRANCY

દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ
QR CODE SCAN કરીને જોઈન કરો.

Mayuri Medam : 63555 17630

AM trading  am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062